॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૭ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૦૭ એપ્રિલ-૨૦૧૦

## પ્રજ્ઞા પરિજનોનું ચિંતન આવું હોય

### ભાગવત ચેતના અને પ્રજ્ઞા પરિજન

પ્રજ્ઞા પરિજનોનું આત્મચિંતન દુનિયાદારી લોકોથી અલગ પ્રકારનું હોવું જોઈએ. વર્તમાન દિવસોમાં વિચારણા અને કાર્યપદ્ધતિ વિચિત્ર છે. સંપન્નતા, સગવડતાનો પાછલા દિવસોમાં ઉત્સાહવર્ધક વિસ્તાર થયો છે. પરંતુ સાથે જ માનવીય ગરીમાને બનાવી રાખવા માટે જે દૃષ્ટિકોણને અપનાવવો જરૂરી છે, એમાં ભારે ઉણપ આવી છે. લોકો 'મતલબથી મતલબ' રાખે છે. ભાગદોડ સિવાય બીજુ કંઈ સુઝતું નથી. સંકીર્ણ સ્વાર્થપરતાની પૂર્તિ જ એક પ્રકારથી લક્ષ્ય બનીને રહી ગઈ છે. વાસના, તૃષ્ણા અને અહંકારની પૂર્તિમાં જ બધો સમય, શ્રમ અને મનોયોગ પૂરો થઈ જાય છે. માનવીય ગરિમાને બનાવી રાખવા માટે ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને ચરિત્રમાં આદર્શવાદિતાનો સમાવેશ આવશ્યક છે.

નવયુગનું અવતરણ એક સુનિશ્ચિત સચ્ચાઈ છે. સૃષ્ટાએ પોતાની પરમ પ્રિય કલાકૃતિ આ ધરતીને સુંદર સમુન્નત બનાવી રાખવાવાની જવાબદારી પોતાના વરિષ્ઠ પુત્ર-યુવરાજ મનુષ્યને સોંપી છે. તે જો કર્તવ્યચ્યુત, અનીતિરત થઈને અનર્થનો માર્ગ અપનાવે છે, તો નિશ્ચિત જ વિનાશની વિભીષિકાઓ ઉભી થશે.

લોકો દુઃખદારિદ્રયથી ઘેરાયા હોવા છતાં, પતન-પરાભવજન્ય અનેકાનેક યાતનાઓ સહે છે. સામૂહિક સર્વનાશ પણ સર્જાય છે. દુર્મતિ અને અનીતિ અપનાવવામાં બુદ્ધિમત્તા સમજવાવાળા પોતાના અને બીજાઓનું ભવિષ્ય અંધકારમય બનાવે છે. એવી દશામાં અસમતોલનને સમતોલનમાં બદલવાનું કાર્ય ભગવાનને સ્વયં પોતાના હાથમાં લેવું પડે છે.

સરકારી તંત્ર અસફળ રહેવા છતાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું પડે છે. મનુષ્ય જ્યારે પોતાની વરિષ્ઠતા ગુમાવીને નિકૃષ્ટતા અપનાવવા અને કુમાર્ગ પર ચાલતાં વિગ્રહ ઉભા કરે છે તો સ્વાભાવિક જ વિશ્વ સંકટ પેદા થાય છે. જ્યારે માચિસનો ખેલ ખેલીને ભયંકર આગ ભડકાવી દેનારા બાળકો તેને ઓલવવામાં સફળ નથી થતા ત્યારે ફાયર બ્રિગેડ વાળાની ટીમ જ તેને કાબુ કરી શકે છે. મનુષ્ય દુષ્પ્રવૃત્તિ અપનાવી સંકટ ઉભા કરવા જેવી માચિસવાળી રમત, રમી શકે છે. પરંતુ આગ બેકાબુ થઈ જવાથી નિયંતાની અવતરણ પ્રક્રિયા જ કામ કરે છે. એ જ માર્ગદર્શન અને વિધાનને અપનાવી જાગૃત આત્માઓ અધર્મનો નાશ અને ધર્મની પુનઃસ્થાપનામાં પોતાની કામના નિયોજિત કરી અને નિરાકારની આકાંક્ષાને પોતાના સાકાર પૌરૂષ દ્વારા પૂર્ણ કરે છે.

પ્રજ્ઞા અભિયાન સૃષ્ટાની આ સમતોલન વ્યવસ્થાનું નામ છે. એ જ આકાર રહિત સૂક્ષ્મ પ્રક્રિયાને સાકાર રૂપ આપવાની જવાબદારી હંમેશાથી મૂર્ધન્ય જાગૃત આત્માઓના ખભા પર આવતી રહી છે. આ વખતે પણ એ જ થઈ રહ્યું છે. પ્રજ્ઞાવતારની યુગાન્તરીય ચેતનાને વ્યાપક બનાવવામાં સર્જન શિલ્પી લાગેલા છે.

### સાદું જીવન, મહાનતાનું ચિંતન

કોઈ પ્રજ્ઞા પરિજન પોતાને દીનહીન ન સમજે, નિરાશા, નિરર્થકતા, અસફળતાની વાત ન વિચારે. એની કલ્પનાઓ, મહત્ત્વકાંક્ષાઓની સાથે જોડાઈ જાવ. અમીર બનવા અને વિલાસ-વૈભવ ભેગુ કરવાની મૃગતૃષ્ણામાં ન ભટકો. જે આ મરીચિકામાં લલચાઈ ગયા એને ખોયું ઘણું બધુ અને મેળવ્યું ઓછું. અમીરી જેને પણ મળી છે, ઘણી મોંઘી પડી છે. ચિંતન અને ચારિત્ર્યની બધી જ ક્ષમતા એ જ ઘાણીમાં પીલાઈ ગઈ છે. સામાન્ય મહેનતથી મોટા આદમી બનવું મુશ્કેલ છે. એના માટે છળકપટ અને અનાચારના છરા પર ધાર ધરવી પડે છે. અનેક ભોળાઓને ઠગવા, સતાવવા અથવા નીચે પાડવા પડે છે. આત્મ-પ્રતાડના, લોકનિંદા અને ઈશ્વરની તરફથી ઘોર અપ્રસન્નતાનો જેને ડર નથી એવા સંવેદનહીન લોકો જ દેવ જીવનની મહાન સંભાવનાઓને પદચ્યુત કરી ઠાટ-માઠની ઉચ્છૃંખલતા ખરીદે છે. બીજાની આંખોમાં ચકાચૌંધ પેદા કરવા માટે રચવામાં આવેલ આ વિટંબણા કેટલાઓને કઈ સીમા સુધી બહેકાવવામાં સફળ થઈ એ તો ઈશ્વર જ જાણે પરંતુ નિશ્ચિત જ આ જંજાળની જકડનમાં પોતાનું તો કચુમ્બર નિકળી જાય છે. આ દુર્મતિને કોઈ પ્રજ્ઞા પરિજન ન અપનાવે. 'સાદું જીવન ઉચ્ચ વિચાર'ની સાથે જોડાયેલ માનવી ગરિમા અપનાવી સામાન્ય ભારતીય સ્તરનું જીવન ધોરણ પોતાના માટે પરિપૂર્ણ સંતોષનું કારણ હોવું જોઈએ. રોટી, કપડા અને મકાન જેવા શરીરને જીવિત રાખવા વાળા સાધન એકઠા કરતા રહ્યા તો એમાં શું નુકશાન છે. કોદરી ખાઈને પણ આદિવાસી નીરોગ, હૃષ્ટપુષ્ટ રહે છે, દીર્ઘજીવી થાય છે અને હસતું-હસાવતું હલકું-ફૂલકું જીવન જીવે છે. એ આનંદ-ઉલ્લાસ ભર્યું સરળ-સસ્તી રીતી-નીતિનો પરિત્યાગ કરીને કુત્રિમતા રચવા અને ઠાટ-માઠ બનાવવામાં, એના માટે મહાનતાની સમસ્ત સંભાવનાઓને સમાપ્ત કરવામાં કયા તર્કના આધાર પર બુદ્ધિમાની થઈ?

> **પ્રજ્ઞા પરિજનોની મૌલિક વિશેષતા એ હોવી જોઈએ કે તેઓ બીજાથી પ્રભાવિત ન થાય, પ્રથા પ્રચલનને મહત્ત્વ ન આપે અને પોતાના દૃષ્ટિકોણનું, ક્રિયા-કલાપનું નિર્ધારણ આદર્શવાદિતાનો સમાવેશ કરતાં સ્વતંત્ર રૂપથી કરે. એટલા માટે અંતરાત્મા અને પરમાત્માનો પરામર્શ જ પર્યાપ્ત માનવો પડશે. લોકોને પ્રભાવિત કરવાના છે, એનાથી પ્રભાવિત નથી થવાનું. પ્રજ્ઞા પરિજનોમાં એટલું મનોબળ તો પેદા થવું જ જોઈએ.**
>
> *'તીર્થ સેવન ક્યોં ઔર કૈસે?' વાંગ્મયના પાના નંબર-૮.૬ થી ૮.૮ માંથી લેવામાં આવેલ અંશ*

### ઘેટાની ચાલથી બચો

લોકો શું કહે છે અને શું કરે છે, એની પર બહુ ધ્યાન ન આપવું જોઈએ. લોકો અમારા મોઢેથી શું કહેવડાવવા માંગે છે, એ દબાણની સામે માથુ ન ઝુકાવવું જોઈએ. ગાંધીજીના ટેબલ ઉપર રાખવામાં આવેલ એ જાપાની ત્રણ વાંદરાના રમકડાને યાદ કરવા જોઈએ, જેણે પોતાની આંખો, કાન અને મોઢાને બંધ કરી રાખ્યા હતા. એ મૂર્તિનું શિક્ષણ એ હતું કે દુનિયાદારી જે કહે છે, જે કરે છે, જે અમારા મોઢેથી સાંભળવા માંગે છે એની ઉપેક્ષા કરવામાં જ સમજદારી છે. જમાનો પતન અને પરાભવને લક્ષ્ય માનીને આંધળા ઘેટાની જેમ એકની પાછળ એક ચાલવાવાળા અને ઉંડા કુવામાં પડનારા ઘેટાઓનું અનુકરણ કરી રહ્યા છે. પોતાની આંખો ખુલી રાખવામાં આવે, બહુમત પર છવાયેલ પતન પરાયણતાને અપનાવતાં વિવેકની તિલાંજલિ ન આપવામાં આવે. સાદગીનું જીવન શિરોધાર્ય કરી શકે-ઉચ્છૃંખલ મહત્ત્વકાંક્ષાઓ પર અંકુશ લગાવી શકાય તો એટલા માત્રથી મહાનતા ખરીદવા માટે આવશ્યક પુંજી સહજતાથી મેળવી શકાય છે.

### પ્રેમ છે તો આપો સંસ્કાર

મુઠ્ઠીભર સાધનોથી શરીરને જીવિત બનાવી રાખવું પૂરી રીતે સંભવ છે. પરિવારને વધારવામાં ન આવે-એના પાલણ-પોષણની જવાબદારી છે તેને ઔચિત્યની સીમાનું ધ્યાન રાખતાં નિભાવવામાં આવે. પરિવારના સભ્યોને સ્વાવલંબી સુસંસ્કારી બનાવવા જ કર્તવ્ય છે. તેઓ શોખ-મોજ મજા માટે જેટલા સાધનો ઈચ્છે છે તેને ભેગા કરવામાં ન તો ઉચિત છે, ન તો કર્તવ્ય અને ન તો પરિજનોનું હિત છે. ઉત્તરાધિકારમાં મોટી સંપત્તિ છોડીને મરવું એવી મોહગ્રસ્તતા છે જેનાથી જકડાઈ રહેનારા પોતાને ઘાણીમાં તો પીલે જ છે, સાથે વિલાસ-વાસનાની સામગ્રી લાદીને એની પણ દુર્ગતિ જ કરવામાં આવે છે, જેની પર પ્રેમ કરવાનો દેખાવો જ કરવામાં આવે છે. પરિવાર પાલન મુશ્કેલ નથી. ઔચિત્યની મર્યાદાની અંતર્ગત રહીને તે વ્યવસ્થા પણ ખૂબ સરળતાપૂર્વક ચાલી શકે છે. ઘરના બધા વયસ્ક લોકો શ્રમશીલ બને અને મિતવ્યયી રહે તો ઘર ખર્ચમાં લાગવાવાળી રકમમાં ભારે કાપ જોત-જોતામાં થઈ શકે છે. આવું અનુશાસન અપનાવવામાં પ્રત્યક્ષ કઠોરતા પણ દેખાશે તો તે પરિવારમાં એટલું સુખદ છે કે એના પર પ્રેમનો ઢોંગ કરનારા આજનો કહેવાતો પ્રેમ સહજ જ ન્યોછાવર કરીને ફેંકી શકાય છે. ✿



**શાંતિકુંજમાં યોગ, સંસ્કૃતિ, અધ્યાત્મ મહોત્સવ**

(વધુ સમાચાર પાના નંબર-૮ અને ૯ પર)

**સંસારને અણુબોમ્બથી એટલો ભય નથી, જેટલો કે વાસનાની આંધીથી છે.**

# કુંભ પર્વ-પરંપરા અને દિશાધારાઃએક સમીક્ષાત્મક ચર્ચા

## આ આયોજન ગૂઢ મનોવિજ્ઞાન તથા સામાજિક ઉલ્લાસનો અનોખો સંગમ છે

### પૌરાણિક સંદર્ભ

કુંભ આયોજનોના સંબંધમાં બે પ્રકારની પૌરાણિક કથાઓ મળે છે. કથા નં-૧. દેવો અને અસુરોના સંયુક્ત પુરુષાર્થથી થયેલ સમુદ્ર મંથનના ફળસ્વરૂપ જ્યારે અમૃત કળશની પ્રાપ્તિ થઈ, તો અસુર તેને પોતાના અધિકારમાં લેવા માટે ઉત્તેજિત થઈ ઉઠ્યા. અસુરો-દૈત્યોના અધિકારમાં જવાથી એનો દુરુપયોગ અને સમાજના અહિતની સંભાવનાઓથી બચાવવા માટે ઈંદ્રનો પુત્ર જયંત એ કળશને લઈને આકાશ માર્ગે ગયો. એ ક્રમમાં એ કુંભમાંથી છલકાઈને અમૃતના ટીંપા જ્યાં-જ્યાં પડ્યાં, એ સ્થાનો (હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન તથા નાશિક) પર કુંભ પર્વોના આયોજન કરવાની પરંપરા બની.

કથા નં-૨-મહર્ષિ કશ્યપ વિશેષ તપ માટે નિર્જન સ્થાન પર જવા લાગ્યા તો તેમણે પોતાની બન્ને પત્નીઓ (કદ્રુ અને વનિતા)ને ઈચ્છિત વરદાન માંગવા કહ્યું. કદ્રુએ માંગ્યું કે તેને તેજસ્વી પ્રકૃતિના ૧૦૦૦ પુત્રોની પ્રાપ્તિ થાય. વનિતાએ માંગ્યું કે મારા કદ્રુના ૧૦૦૦ પુત્રોના સંયુક્ત બળની ક્ષમતાવાળા બે પુત્રોની પ્રાપ્તિ થાય. મહર્ષિએ બંન્નેને ઈચ્છિત વરદાન આપ્યા અને પ્રસ્થાન કરી ગયા.

કદ્રુએ સમય પર એક ઈંડાનો જન્મ આપ્યો. તેને સેવવામાં આવ્યું તો પરિપક્વ થવા પર એમાંથી ૧૦૦૦ નાગ પેદા થયા. વનિતાએ બે ઈંડાનો જન્મ આપ્યો. કદ્રુના ઈંડામાંથી નાગો નિકળી ગયા પછી ઘણા સમય પછી એના ઈંડા પાક્યા નહીં.

એની વચ્ચે એક ઘટના થઈ. આકાશ માર્ગથી ઉચ્ચૈશ્રવા ઘોડા (સમુદ્ર મંથનથી નીકળેલ પૂરી રીતે શ્વેત રંગનો ઘોડો, જે દેવરાજ ઈંદ્રને સોંપવામાં આવ્યો હતો.) નિકળ્યો. વનિતાએ કદ્રુને કહ્યું, ‘‘જુઓ બહેન કેવો પૂર્ણ શ્વેત અશ્વ છે!’’ કદ્રુએ ઈર્ષ્યાવશ વનિતાની વાત કાપવા માટે કહી દીધું કે નહીં, ઘોડો પૂરો તો શ્વેત છે, પરંતુ એની પૂંછડી કાળી છે. એની પર વનિતાએ શરત લગાવી દીધી. આપણે કાલે ઈંદ્ર દેવના ત્યાં જઈને ઘોડાને ફરીથી જોઈશું. જો મારી વાત સાચી નીકળી, તો તુ મારી દાસી બની જવાનું અને તારી વાત સાચી નીકળી તો હું તારી દાસી બની જઈશ.

કદ્રુએ શરત સ્વીકાર કરી લીધી અને પોતાના પુત્ર-નાગોની સહાયતાથી છળપૂર્વક ઘોડાની પૂછને કાળી દેખાડી શરત જીતી લીધી. વનિતા છળ સમજી તો ગઈ, પરંતુ લાચારીમાં તેને દાસતાનો સ્વીકાર કરવો પડ્યો. એને વિચાર્યું કે મારા પુત્ર હોત તો હું એમના સહયોગથી દાસતાથી મુક્ત થઈ જાત. એ જ ઉતાવળભરી ઉત્તેજનામાં તેને બેમાંથી એક ઈંડાને જાતે ફોડી દીધું. એમાંથી જે બાળક નિકળ્યું, એની માત્ર કમરથી ઉપરનો ભાગ જ પાકી શક્યો હતો. એને માઁની વાત સાંભળી અને કહ્યું કે આપ બીજા ઈંડાને પૂરૂ પાકવા દો, એમાંથી જે મારો ભાઈ નીકળશે તે આપને દાસતાથી મુક્ત કરાવશે. તે બાળક ‘અરૂણ’ સ્વયં તપ કરવા ચાલ્યો ગયો તથા કાલાન્તરમાં એની તેજસ્વીતાથી પ્રભાવિત થઈને સૂર્યદેવે તેને પોતાનો સારથી બનાવી લીધો.

બીજા ઈંડામાંથી ગરુડ ઉત્પન્ન થયો. તેમણે માઁની પીડા સાંભળી તથા નાગોથી માઁને દાસતાથી મુક્ત કરાવવાનો ઉપાય પૂછ્યો. તેમણે શરત રાખી કે જો ગરુડ ચંદ્રલોકમાં સુરક્ષિત અમૃત કળશને લઈને તેમને સોંપી દે, તો તેઓ એની માઁને દાસતાથી મુક્ત કરાવી દેશે. પરાક્રમ ગરુડ ચંદ્રલોકમાં દેવોની સુરક્ષા વ્યવસ્થાને તોડીને કળશ લઈ આવ્યો. ઈંદ્રદેવ એમના પરાક્રમથી પ્રસન્ન થયા અને અમૃત કળશ લાવવાનો ઉદ્દેશ્ય પૂછ્યો. ઉદ્દેશ્ય સમજીને તેમણે ગરુડથી કહ્યું-‘‘હું તમારા પરાક્રમથી ખુશ છું. તમો નાગોને કળશ આપીને પોતાની માઁને મુક્ત કરાવી લો. પરંતુ નાગ આનો સુપાત્ર નથી. એટલા માટે મને કળશનું અપહરણ કરવાનો અવસર મળે, એવું કંઈક કરવાનું.’’

ગરુડે નાગોને કળશ સોંપ્યો, માઁને મુક્ત કરાવી. નાગોથી કહ્યું કે અમૃત પાનના પહેલા નદીમાં સ્નાન કરવું જરૂરી છે. નાગ સ્નાન કરવા લાગ્યા અને એ દરમ્યાન ઈંદ્ર કળશનું અપહરણ કરીને લઈ ગયા.

ગરુડે કળશ લઈને જ્યારે દંશકો સાથે યુદ્ધ કર્યું તો અમૃત કુંભમાંથી છલકાઈને અમૃત જ્યાં-જ્યાં પડ્યું (ચાર સ્થળો પર) ત્યાં કુંભપર્વોના આયોજન કરવામાં આવ્યા.

### દાર્શનિક પક્ષ

ઉપરોક્ત કથાનક અલંકારિક પણ હોઈ શકે છે. પરંતુ ઈશ્વરીય વ્યવસ્થામાં અમૃત તત્ત્વ સાથે જોડાઈ, તેને મેળવવાનું પોતાનું એક સશક્ત વિચાર દર્શન પણ છે. દર્શનના અનુસાર આ નશ્વર સંસારમાં અનશ્વર ચેતન પ્રવાહ પણ છે. એ અનશ્વર ચેતન પ્રવાહોથી જીવનને જોડવાનું આધ્યાત્મિક વિજ્ઞાન ઋષિઓની ધ્યાનમાં રહેલ છે. આ જ્ઞાન-વિજ્ઞાનને અમૃત કહેવામાં આવ્યું છે. તેને મેળવીને મનુષ્યને પોતાના અમૃત અસ્તિત્વનો બોધ થઈ જાય છે. તે પોતે પોતાને એ અનશ્વર ચેતનાના રૂપમાં અનુભવ કરવા લાગે છે અને તેને કાયા વગેરે, આવરણ બદલાઈ જનારા વસ્ત્રોની જેમ માલુમ થવા લાગે છે.

તે અમૃત તત્ત્વ સુપાત્રોને જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પાત્રતાની ઓળખ તેને સદ્જ્ઞાન, સદ્ભાવ તથા સત્પુરુષાર્થ (જ્ઞાન, પ્રેમ તથા તપ)ના આધાર પર કરવામાં આવે છે. દેવ સંસ્કૃતિની અનુસાર બ્રહ્માંડરૂપી કળશથી ઝરવાવાળા એ અમૃતને પ્રાપ્ત કરી લેવું જ જીવનની સફળતાનું પ્રમાણ માનવામાં આવે છે. એને મેળવવામાં કોઈ વર્ગભેદ આડો આવતો નથી. માનવ માત્રમાંથી કોઈપણ એને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ એને એનું સત્પાત્ર સિદ્ધ તો થવું જ પડે છે.

ઋષિ તંત્રનો પ્રયાસ હંમેશા એ જ રહ્યો છે કે મનુષ્ય પોતાના લૌકિક જીવનની ચમકમાં આ પારલૌકિક જીવનને ભૂલી ન જાય, તેમણે અભ્યુદય (લૌકિક શ્રી -સમૃદ્ધિ)ની સાથે નિશ્રેયસ (અનશ્વર દૈવી સંપદા) પણ અર્જીત કરવા માટે જન-જનને પ્રેરિત કર્યા છે. એટલા માટે જનજીવનને એની તરફ પ્રેરિત કરવા માટે સાધનાઓ, ઉપવાસ, પર્વો વગેરેની રીતિ-નીતિ બનાવી અને ચલાવી. કુંભ વગેરે પર્વ પણ એમની એ જ વિવેક-વિજ્ઞાન સંમત યોજનાનું અંગ છે. એના માધ્યમથી જન-જનના મનમાં જીવનના અમૃત પ્રવાહ સાથે જોડવા માટે વિવિધ મનોવિજ્ઞાનિક તથા આધ્યાત્મિક પ્રયોગ કરવામાં આવે છે.



**મહાકુંભ-૨૦૧૦**

**આજકાલ હરિદ્વારમાં ૨૧ મી સદીના પહેલા પૂર્ણ કુંભ આયોજનની હલચલ પૂરજોરમાં છે. આપણા પરિજનો તથા અન્ય જિજ્ઞાસુઓ તથા મીડિયા પ્રતિનિધિઓની વચ્ચે થયેલ વિભિન્ન ચર્ચાઓના ક્રમમાં ઉમટેલ જે પ્રસંગ સૌના માટે ઉપયોગી લાગ્યા, એમની સંક્ષિપ્ત ચર્ચા આ લેખમાં કરવામાં આવી રહી છે.**

**આશા છે પરિજનોને આ જાણકારીઓના આધાર પર પોતાના ક્ષેત્રના જિજ્ઞાસુઓની સ્વાભાવિક જિજ્ઞાસાઓનું સમાધાન કરવા અને યોગ્ય દિશાબોધ કરાવવામાં ઘણી સહાયતા મળી શકશે.**

### અનુકૂળ વાતાવરણનું સર્જન

બાળક અથવા સામાન્ય બુદ્ધિના લોકો સારા વિચારથી પ્રભાવિત તો થાય છે, પરંતુ અનુકૂળ વાતાવરણ વગર એની પર અમલ નથી થઈ શકતા. ઋષિગણ મનોવિજ્ઞાનના આ ગૂઢ મર્મને સમજતા રહ્યા છે. એટલા માટે અમૃત પ્રવાહ સાથે જોડવા માટે જ્ઞાનની સાથે ઉલ્લાસ વર્ધક અનુકૂળ વાતાવરણ પણ નિર્મિત કરી રહ્યા છે.

વાતાવરણનો પ્રભાવ શું હોય છે? એ સમજવા માટે ઋતુઓનો પ્રભાવ જોઈ-સમજી શકાય છે. સારુ ખેતર, ખાતર, પાણી તથા બીજની સાથે અનુકૂળ મોસમની સંગતિ પણ જરૂરી છે. એ પ્રકારે મનુષ્યની મનોભૂમિમાં શ્રેષ્ઠ વિચારો તથા સંકલ્પોના બીજને વિકસિત કરવા માટે તેની અનુરૂપ વાતાવરણની જરૂરત હોય છે.

જેમ મોસમ વિજ્ઞાની પૃથ્વીની સાથે સૂર્ય તથા ચંદ્રની સંગતિથી મૌસમના સ્વરૂપનો અનુભવ કરી લે છે, એવો જ જ્યોતિર્વિજ્ઞાની વિભિન્ન ગ્રહો-નક્ષત્રોના યોગથી ઉત્પન્ન થનારા સૂક્ષ્મ પ્રવાહોને સમજે છે. એટલા માટે કુંભ અને આ પ્રકારના પર્વોને ગ્રહ-નક્ષત્રોની વિશેષ યુતિઓમાં જ આયોજિત કરવામાં આવે છે. એ સૂક્ષ્મ વાતાવરણની અનુકૂળ પ્રત્યક્ષ વાતાવરણમાં પણ જ્ઞાનચર્ચા, તત્વ-વિચાર, જપ, તપ, દાન, સેવા, પરમાર્થ વગેરેનું પણ વાતાવરણ સંતો-તપસ્વીઓના સહયોગથી બનાવવામાં આવે છે.

કુંભ પર્વ આયોજનોમાં જનચેતનાને જીવનના અમૃત યોગની તરફ પ્રેરિત કરવાનું વાતાવરણની કેટલીય ધારાઓના યોગથી બને છે. (૧) પૌરાણિક સંદર્ભઃ-જે સ્થાન પર અમૃત સિંચત થયું છે, એ અમૃત સંસ્કારયુક્ત વિસ્તારની પસંદગી (૨) ગ્રહ-નક્ષત્રોની યુતિથી બનેલ અમૃત યોગ તથા (૩) ઋષિઓ, તપસ્વીઓ, યોગીઓના સમાગમથી બનેલ પ્રેરક વાતાવરણ.

આ બધાના સંયોગથી એવો અમૃત યોગ બને છે કે એ વાતાવરણમાં જન-સામાન્ય પણ ભૌતિક સુખ-સુવિધાઓને ભૂલીને તેનાથી ઉચ્ચ એવા કોઈ પુણ્ય તથા દિવ્ય બોધ માટે પુલકિત-ઉત્સાહિત થઈ જાય છે.

### પ્રત્યક્ષની સમીક્ષા

કુંભ વગેરે પર્વ આયોજનોની સમીક્ષાત્મક અધ્યયન કરનારાઓ પ્રાચીન આદર્શ પરંપરાની તુલનામાં આજે ઘણી બધી ખામીઓ અને વિસંગતિઓ દેખાય છે. એ વાત પણ બરાબર છે કે જનમાનસમાં પુણ્યની પરિભાષા સંકીર્ણતા અને વિકૃતિઓની શિકાર થઈ ગઈ છે. પુણ્ય માત્ર સ્નાન સુધી સમેટાયેલ દેખાય છે. સંતત્વ પણ બાહ્ય-પ્રદર્શનની વચ્ચે ક્યાંક ખોવાઈ ગયેલ છે. ગંગા, નર્મદા, ગોદાવરી, કાવેરી જેવી પવિત્ર નદીઓની કૃપાથી મનુષ્ય ખૂબ ધન, યશ અને પુણ્ય કમાવવા માટે લાલચું છે. બદલામાં તે એને માત્ર વિભિન્ન પ્રકારની ગંદકી આપવામાં માંગે છે. ધન અને પૂણ્ય કમાવવાના અનગઢ નશામાં તેને પ્રદૂષિત કરવાનું ભારે પાપ કરતો જઈ રહ્યો છે.

મા ની પૂજા-આરતી તો કરવામાં આવે, પરંતુ એનો શીલ ભંગ કરવામાં આવે, તો એ પૂજાનું શું પૂણ્ય મળશે? પવિત્ર નદીઓ પણ અમારી માતાઓ છે.એની પૂજા-આરતી કરવામાં આવે તો બરાબર છે, પરંતુ એની પવિત્રતા પર આઘાત તો એનો શીલ ભંગ કરવા જેવું જ પાપ છે. વિવેક-દૃષ્ટિથી જોઈએ તો એ પાપ-પૂજનના અથવા સ્નાનના પૂણ્યથી અનેક ઘણું ભારે દેખાશે. જન-જીવનમાં પૂણ્યની વિવેક સંમત પરિભાષા સ્થાપિત કરવામાં આજ સંત સમાજ પણ કેટલો સફળ થઈ રહ્યો છે? આ મહાન આયોજનોને વર્તમાન સમયમાં તેમની પૂર્વ ગરિમાની અનુરૂપ સ્વરૂપ આપવા માટે અત્યારે ઘણુ બધુ કરવું જરૂરી છે.

આ તમામ વિસંગતિઓ હોવા છતાં પણ કુંભ જેવા પર્વ આયોજનોમાં ઘણો બધો પ્રેરક પ્રવાહ આજે પણ જોઈ શકાય છે, જેમ કેઃ-

આજે પશ્ચિમી વિચાર અનુસાર જન સામાન્યમાં ઉત્સાહ પેદા કરવા માટે શારીરિક સુવિધાઓ, ધન-સંપદા, યશ વગેરેનું આકર્ષણ જરૂરી સમજવામાં આવે છે. આ જ કામનાઓમાં ગુંચવાઈને મનુષ્ય મનુષ્યતાને ભૂલીને પોતાના સંકીર્ણ સ્વાર્થોમાં અમાનવીય કાર્યોમાં પ્રવૃત્ત થઈ જાય છે.

કુંભ જેવા વિશ્વના વિરાટમ આયોજનોમાં એની વિપરિત એક વાસ્તવિકતા પ્રત્યક્ષ રૂપથી જોઈ શકાય છે. લાખો-કરોડોની સંખ્યામાં લોકોને અત્યંત ઉત્સાહપૂર્વક એમાં ભાગીદાર બનતા જોઈ શકાય છે. એમાં અભણથી પરમ વિદ્વાન સુધી, અવર્ણથી પરમ કુલીન સુધી, નિર્ધનથી પરમ સંપન્ન સુધી, તમામ પ્રકારના સ્ત્રી-પુરુષોની ભાગીદારી થાય છે. ત્યાં શારીરિક સુખ-સુવિધાઓમાં તો કાપ થાય જ છે. અસુવિધાઓને સહન કરવી, પર્યાપ્ત પદયાત્રા કરવી તો જરૂરી થઈ જાય છે. પોતાના ગાંઠનું ધન પણ ખર્ચ કરવું પડે છે. મોટા યશસ્વીઓને પણ સામાન્ય લોકોની વચ્ચે જ ચાલવું પડે છે. તો પણ એટલો ઉત્સાહ ઉભરાઈ જાય છે કે બસ જોતા જ રહી જાવ.

### ભવિષ્યની દૃષ્ટિ

જ્યાં લૌકિક આકર્ષણ, સુખ,ધન, યશ પ્રાપ્તિનું કોઈ આકર્ષણ નથી, ત્યાં તો કોઈ ‘પુણ્ય’ જેવી અલૌકિક સંપત્તિનું આકર્ષણ માથે ચઢીને બોલતું દેખાય છે. ગૂઢ મનોવિજ્ઞાનની આ વાસ્તવિકતા સ્પષ્ટ દેખાય છે કે જે લૌકિક આકર્ષણોથી સામાન્ય લોકો ઉત્સાહિત હોય છે, એના સિવાય પણ ઉત્સાહ સંચાર કરવો સંભવ છે. ઉત્સાહની સાચી દિશામાં નિયોજન જ જ્ઞાનયોગ, ભક્તિયોગ તથા કર્મયોગનો આધાર બને છે.

વેદમૂર્તિએ જ્ઞાનયોગને જ વિચાર ક્રાંતિના રૂપમાં વ્યવહારિક સ્વરૂપ આપ્યું છે. અર્થાત્ પાપ-પૂણ્યની જીવનની પરિભાષાઓને શુદ્ધ કરી લેવામાં આવે. યુગઋષિના ભક્તિયોગનું વ્યવહારિક સ્વરૂપ છે-‘નૈતિક ક્રાંતિ’. અર્થાત્ શુદ્ધ પરિભાષાઓ પર પૂરા નૈતિક બળની સાથે ચાલવામાં આવે. તપોનિષ્ઠના કર્મયોગનું વ્યવહારિક સ્વરૂપ છે લોકહિત માટે પ્રખર પુરુષાર્થ કરવો. કુંભ જેવા પર્વોમાં પૂણ્ય માટે ઉત્સાહ તો ઉમટે જ છે, તેને જ્ઞાનયોગ, ભક્તિયોગ તથા કર્મયોગ સાથે જોડવા માટે થોડો વધારાના પ્રયાસની જરૂરતભર માત્ર છે. આશા કરવામાં આવે છે કે દેવ સંસ્કૃતિની આત્મા સાથે જોડાયેલ સંત-લોકસેવી સમયની આ માંગને પણ પૂરી કરવાની નિષ્ઠા બતાવશે.

**પોતાના દોષો તરફથી અજાણ રહેવાથી મોટો પ્રમાદ આ સંસારમાં બીજું કોઈ નથી.**

# જન્મશતાબ્દી વર્ષમાં સમગ્ર ગુજરાતમાં વિભિન્ન કાર્યક્રમો દ્વારા સક્રિયતા વધી

## મહેમદાવાદમાં ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

**મહેમદાવાદ (ખેડા)**

તા-૧૭ ફેબ્રુઆરી-૧૦ના દિવસે ગાયત્રી પરિવાર મહેમદાવાદ તથા રોટરી કલબ મહેમદાવાદના સહયોગથી ૧૦૮ કુંડી ગાયત્રી



મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ૨૨૦૦ વિદ્યાર્થીઓએ ગાયત્રી, મા સરસ્વતી તથા ગણેશજીને આહુતિઓ સાથે ભાવપૂર્ણ વિધી સાથે ભાગ લીધો હતો. યજ્ઞનું સંચાલન શ્રી રાજબાળા બહેન બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

આ યજ્ઞનું દીપ પ્રાગટ્ય મેજર શ્રી ડિસ્ટિક ગવર્નર શ્રી એસ.કે.શર્મા સાહેબ (ઈ રોટરી કલબના જિલ્લા અધિકારી), સંસદીય સચિવ શ્રી માનનીય શ્રી સુંદરસિંહજી ચૌહાણના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. યજ્ઞનું ઉદ્દઘાટન સ્વામી નારાયણ સંપ્રદાયના સંત શ્રી શાસ્ત્રી સ્વામીજી વિશ્વવલ્લભદાસ (સ્વામી નારાયણ મંદિર પીજના) મહંતશ્રીએ કર્યું હતું.

દરેક વિદ્યાર્થીઓને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર તરફથી આપવામાં આવેલ શુભકામના કાર્ડ આપી આગામી પરીક્ષામાં શ્રેષ્ઠ પર્ફોમન્સ અને ઉજ્જવળ કારકીર્દીની કામના વ્યક્ત કરવામાં આવી.

નગર પાલિકા પ્રમુખ શ્રી હીમાંશુ શાહ તથા ડૉ.નૈષદભાઈ ભટ્ટ તથા નગરના વેપારી ભાઈઓનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. આ યજ્ઞને સફળ બનાવવા માટે શ્રી વિપુલભાઈ ઠક્કર, પ્રમોદભાઈ સોની, શ્રી રાઉલજી, અરવિંદભાઈ, ચિરાગભાઈ તથા રોટરી કલબના તમામ સભ્યોએ ખૂબ જ મહેનત કરી હતી.

આણંદ-ખેડા ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તાઓએ સહયોગ આપ્યો હતો, જેમાં આણંદ, નડિયાદ, ઉતરસંડા, માતર, થર્મલ, કપડવંજની ગાયત્રી પરિવારની લગભગ ૧૦૦ બહેનોએ હાજર રહી પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

## ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓની સફળતા માટે શુભેચ્છા યજ્ઞનું આયોજન

**જામનગર (ગુજરાત)**

તા-૨૮ ફેબ્રુઆરી-૧૦ના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ બોર્ડના વિદ્યાર્થીઓનું મનોબળ વધે તે માટે જામનગર ગાયત્રી શક્તિપીઠ પર ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષામાં સફળતા માટે નવકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦૦ વિદ્યાર્થીઓએ ગાયત્રી, મા સરસ્વતી તથા ગણેશજીને આહુતિઓ સાથે ભાવપૂર્ણ વિધી સાથે ભાગ લીધો હતો. યજ્ઞનું સંચાલન શ્રી નલિનભાઈ પોમલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીઓને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર તરફથી આપવામાં આવેલ શુભકામના કાર્ડ આપી આગામી પરીક્ષામાં શ્રેષ્ઠ પર્ફોમન્સ અને ઉજ્જવળ કારકીર્દીની કામના વ્યક્ત કરવામાં આવી. દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છા રૂપે બોલપેન-સ્ટીકર આપવામાં આવ્યા.

ઈ.ટી.વી.ના પ્રતિનિધિઓએ સમગ્ર કાર્યક્રમનું કવરેજ કરીને તેનું પ્રસારણ કર્યુ.જેની વિગતવાર માહિતી શ્રી યશવંતભાઈ ભટ્ટે આપી હતી.

## વિવેકાનંદ જયંતીએ 'જજ'ને વાંગ્મય ભેટ કર્યુ

**હજારીબાગ (ઝારખંડ)**

સ્વર્ણ જયંતી પાર્ક, હજારીબાગમાં સાગર ભક્તિ સંગમ તથા ગાયત્રી પરિવાર હજારીબાગના સંયુક્ત તત્ત્વાવધાનમાં વિવેકાનંદ જયંતી સેંકડો યુવાનો તથા વિશિષ્ટ અગ્રગણ્ય નાગરિકોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવી.

આ અવસર પર યોજાયેલ સભામાં મુખ્ય અતિથિ સત્ર ન્યાયાધીશ શ્રી શિવનારાયણ સિંહે કહ્યું કે આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી દ્વારા સંપાદિત અખંડ જ્યોતિ મારી પ્રિય પત્રિકા છે. એનાથી હું સમય-સમય પર ટિપ્સ લેતો રહું છું. ખાસ કરીને એમાં બોક્સમાં આપવામાં આવેલ કોટેશન ખૂબ જ મહત્ત્વપૂર્ણ તથા પ્રેરણાદાયક હોય છે. શ્રી વિજય કેશરીએ ભારતીય સંસ્કૃતિના ઉન્નાયક સ્વામી વિવેકાનંદજીના કાર્યો તથા માર્મિક સંસ્મરણોનો ઉલ્લેખ કરતાં યુવાનોને સમાજની મુખ્ય ધારામાં પાછા ફરવા આવાહન કર્યું. આ અવસર પર ગાયત્રી પરિવારના શ્રી ડુંગરમલ જૈને ન્યાયાધીશ મહોદયને વાંગ્મય ભેટ કર્યા.

## જીવદયા જાગૃતિ અભિયાન નિમિત્તે શ્રીમદ ભાગવત સપ્તાહ

**ઊંઝા-જિ.મહેસાણા (ગુજરાત)**

તા-૧ ફેબ્રુઆરી-૧૦ થી તા-૭ ફેબ્રુઆરી-૧૦ સુધી મા ઉમિયાના પાવન ધામ ઊંઝામાં જીવદયા જાગૃતિ અભિયાન નિમિત્તે પાંજરાપોળની અંદર ગાયત્રી પરિવાર ટ્રસ્ટના પરિજનો તથા ઊંઝા પાંજરાપોળના



સહયોગથી ભાગવત સપ્તાહનું આયોજન રાખવામાં આવ્યું હતું.

આ શ્રીમદ ભાગવત સપ્તાહ કથાનું આયોજન જીવદયા જાગૃતિ અભિયાન અને ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાનો ઉદ્દેશ્યથી રાખવામાં આવ્યું હતું. આ કથામાં ઊંઝા શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી જીવદયા પ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં સેંકડોની સંખ્યામાં લોકોએ કથાનું રસપાન કર્યુ હતું. જેમાં ગીતાબા ગઢવીએ સ્ત્રી ભ્રુણહત્યા ન કરવાના સંકલ્પો લેવડાવ્યા હતા. કથામાં લગભગ ૫૦૦૦ લોકો મિશનના વિચારોથી પરિચિત થયા. તેની સાથે ધોરણ-૧૦-૧૨ના એક હજાર વિદ્યાર્થીઓને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર તરફથી આપવામાં આવેલ શુભકામના કાર્ડ આપી આગામી પરીક્ષામાં શ્રેષ્ઠ પર્ફોમન્સ અને ઉજ્જવળ કારકીર્દીની કામના વ્યક્ત કરવામાં આવી.

આ આયોજન દરમ્યાન ૪૦૦ દેવસ્થાપનાઓ કરવામાં આવી. તેની સાથે સાથે ૧૫૦૦૦/- રૂપિયાનું યુગ સાહિત્યનું તથા જીવદયાના ૫૦૦૦ કેલેન્ડર નિઃશુલ્ક આપવામાં આવ્યા. આયોજનનો તમામ ખર્ચ ત્રિપદા ગાયત્રી પરિવારે ઉઠાવ્યો હતો. કથા દરમ્યાન લગભગ ૧૧ લાખ રૂપિયાનું દાન આવ્યું, જેને પાંજરાપોળ માટે સમર્પિત કરવામાં આવ્યું.

આ આયોજનને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવાર ઊંઝાની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. નગર શ્રેષ્ઠી શ્રીમાન ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ,શ્રી મફત કાકા, શ્રી મધુભાઈ શાહ અને શ્રી મણીભાઈ મમ્મીએ જીવદયા માટે ગાયત્રી પરિવારે કરેલા ઉમદા કાર્યની ખૂબ જ પ્રશંસા કરી હતી.

## જન્મશતાબ્દી વર્ષમાં સક્રિયતા વધી

**ભાર્ગવ વિસ્તાર અમદાવાદ**

જન્મશતાબ્દી વર્ષમાં ગાયત્રી પરિવાર ભાર્ગવ વિસ્તારમાં આવેલ ભાર્ગવ ટેનામેન્ટના પરિજનોએ ટુંક સમયમાં વિભિન્ન કાર્યક્રમોના માધ્યમથી પૂજ્યવરના વિચારોને ઘેર-ઘેર પહોંચાડવા માટે સક્રિય બન્યા છે. જેની અંતર્ગત ભાર્ગવ વિસ્તારની આસપાસની સોસાયટીઓમાં નિયમિત સ્વાધ્યાય, વર્ષની



ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી રહેલ પરિજનો

આવતી બંન્ને નવરાત્રિઓમાં સામૂહિક અનુષ્ઠાન, પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખીને લોકોને ગુરુદેવના વિચારોથી વાકેફ કર્યા હતા. ભાર્ગવ વિસ્તાર ગાયત્રી પરિવારના પરિજનોમાં પૂજ્ય ગુરુદેવની પ્રેરણા આવી કે સ્વાઈન ફ્લૂનો પ્રકોપને કંટ્રોલ કરવા માટે દરેક સોસાયટીઓમાં ગાયત્રી મહાયજ્ઞમાં ૧૦૮ ગાયત્રી મંત્રની વિશેષ આહુતિઓ દેવ કન્યાઓ દ્વારા આપવામાં આવી હતી.

ગાયત્રી મહાયજ્ઞમાં સ્વાઈન ફ્લુ નિવારણ અર્થે પ્રથમ યજ્ઞ મહાલક્ષ્મી સોસાયટીમાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ક્રમશઃ નટરાજ સોસાયટી, શોધનગર સોસાયટી, ભાર્ગવ સોસાયટી, ભાવેશ સોસાયટી તથા પાંચ તલાવડી વિસ્તારમાં વિશેષ યજ્ઞ કરવામાં આવ્યો હતો.

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા અંગે યોગ્ય માર્ગદર્શન તથા પૂજ્ય ગુરુદેવ, વંદનીય માતાજીના વિશેષ આશીર્વાદનો ક્રમ રાખવામાં આવ્યો હતો. મેઘાણીનગર શાખાના શ્રી મંગળભાઈ પટેલે વિદ્યાર્થીઓને ખૂબ સુંદર માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. જેમાં સૌ વિદ્યાર્થીઓ,વાલીઓ સહિત ધન્યતા અનુભવી હતી. ગયા વર્ષની જેમ બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણ લાવનારનું ગાયત્રી પરિવાર ભાર્ગવ શાખા દ્વારા સન્માન કરી ગુરુદેવનું સાહિત્ય આપવામાં આવ્યું. વિદ્યાર્થી તથા તેમના વાલીઓ પણ ગાયત્રી પરિવારની પ્રશંસા કરી રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અંબાલાલ પટેલ, ગંગારામભાઈ પટેલ, શ્રી મંગળભાઈ પટેલ, સરોજબેન પટેલ, મુકેશભાઈ પટેલ, ગોમતીબેન પટેલ, લીલાબેન પટેલે ખૂબ મહેનત કરી હતી.

જન્મશતાબ્દી વર્ષ પહેલાં આવેલ ચૈત્ર નવરાત્રિમાં તમામ પરિજનોએ ભાર્ગવ ગાયત્રી પરિવાર શાખા દ્વારા ચૈત્રી નવરાત્રિમાં સામૂહિક અનુષ્ઠાન કરવાની પૂરી તૈયારી કરીને અનુષ્ઠાન આરંભ કરી દીધું છે.

## વસંત પંચમીની ભવ્ય ઉજવણી

**ગાયત્રી પરિવાર તલોદ (સાબરકાંઠા)**

તા-૧૯ જાન્યુઆરીના રોજ વસંત પંચમી નિમિત્તે મહાસુદ-૪ના દિવસે સવારે ૬.૦૦ થી સાંજના-૬.૦૦ કલાક સુધી તલોદ ગાયત્રી પ્રજ્ઞાપીઠ ખાતે અખંડ જાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સેંકડો પરિજનોએ ભાગ લીધો હતો. સાંજના સમયે વિરાટ દીપયજ્ઞનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં ગાયત્રી પરિવાર તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપીને દીપયજ્ઞને દીપાવ્યો હતો. તા-૨૦ જાન્યુઆરીને વસંતપંચમીના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસે વિશેષ ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં સેંકડો પરિજનોએ પોતાની ભાવભરી આહુતિઓ અર્પણ કરી પૂજ્ય ગુરુદેવને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ તલોદ શાખાએ ઉત્તરાયણના દિવસે ૧૦૦ કિલો સુખડી વિતરણનો કાર્યક્રમ ગાયત્રી યજ્ઞ સાથે કર્યો હતો. જેમાં તલોદ, મહીયલની ગરીબ જનતામાં સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સુખડીનું વિતરણ છેલ્લા પંદર વર્ષથી કરવામાં આવે છે.

**ગાયત્રી જ્ઞાનયજ્ઞઃ**-કલોલના વતની ખેડૂતપુત્ર શ્રી રાજુભાઈ પટેલ તથા તેમના ધર્મપત્ની શોભનાબેન પટેલ તથા અન્ય પરિજનોએ તલોદ તાલુકામાં અંદાજે ૪૩૦૦૦/- રૂપિયાના સાહિત્યનું બ્રહ્મભોજમાં વિતરણ કર્યું હતું.

તલોદના શ્રી વર્ષાબેન ચંદ્રકાંત જાનીએ કલોલથી પધારેલા તમામ પરિજનોની રહેવાની સુંદર વ્યવસ્થા કરી હતી.

**જીવન ક્યારેય પણ એક સમાન સમતલ નથી હોતું.**

# લોકહિતના કાર્યોમાં વિભૂતિવાનોની વધી રહેલી ભાગીદારી

## જન્મશતાબ્દી વર્ષમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞની શૃંખલા

**ગાયત્રી મહિલા મંડળ**
**જી.ઈ.બી.કોલોની**
**ઉકાઈ-તાપી**

પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષમાં પૂજ્યવરના વિચારોને ઘેર-ઘેર પહોંચાડવામાં ગાયત્રી મહિલા મંડળ જીઈબી કૉલોની ઉકાઈની બહેનોએ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞની શૃંખલા આરંભ કરી દીધી છે. તેમને આવા કાર્યક્રમથી કંઈક કર્યાનો પ્રસન્નતાનો અનુભવ પણ થાય છે.

**વસંત પંચમીની ભવ્ય ઉજવણી**

**ઉકાઈઃ**-તા-૨૦ જાન્યુઆરી-૧૦ના વસંત પંચમીના દિવસે કૉલોનીમાં સવારે ૬ વાગ્યા થી ૭.30 વાગ્યા સુધી અખંડ જાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ રાખવામાં આવ્યો હતો. યજ્ઞની સાથે લોકોની વધુ ભાગીદારી માટે મંત્રલેખન બુક, યુગસાહિત્ય, પ્રાર્થના બુકોનુ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

આ યજ્ઞની શરૂઆત ડિસેમ્બર મહિનાથી આરંભ કરી દીધી છે. ૨૭ ડિસેમ્બરના દિવસે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ કોલોનીના



આ યજ્ઞ દરેક શેરીમાં જાહેરમાં કરતા વધારે લોકોના સંપર્કમાં આવી રહ્યા છે અને વધુને વધુ લોકો એનો લાભ લઈ રહ્યા છે. પાડોશીઓ એકબીજાને જોઈને પણ આવવા માટે પ્રેરાય છે અને એમના ઘર આંગણે થતા હોવાથી તેઓ ઉત્સાહથી ભાગ લઈ શકે છે અને સફાઈ, પાણી છાંટવાનું, તોરણ બનાવવાના કાર્યમાં મદદરૂપ પણ બને છે અને શેરીમાં જાહેરમાં પાંચ કુંડી યજ્ઞમાં સૌ પરિજનોએ ભાગ લઈ પૂજ્યવરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમથી પ્રેરણા લઈને એક પંચકુંડી ગાયત્રી યજ્ઞનો ખર્ચ શ્રી નરેન્દ્રભાઈ એમ.મહેતા તથા બીજા યજ્ઞનો ખર્ચ શિક્ષિકા બહેન શ્રી ભારતીબહેને તમામ ખર્ચ ઉપાડી લીધો હતો.

ત્રીજો પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ ભાવનાબેન મિસ્ત્રીની શેરીમાં પાછળના એરિયામાં રાખવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં એક જન્મદિવસ તથા એક પુંસવન સંસ્કાર કરાવવામાં આવ્યા હતા. યજ્ઞ પછી ફરી બીજો પંચકુંડી યજ્ઞ કરવાનો નક્કી કરવામાં આવ્યો. તેની સાથે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ને પરીક્ષામાં સફળતા માટે વિશેષ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. ☼

## શ્રીમદ ગુરુગીતા કથામૃતમ્ સાથે આધ્યાત્મિક પુસ્તક મેળો

**ગુરુગીતા કથામૃત**
**ભાયલી (વડોદરા)**

તા-૨૯ ડિસેમ્બર-૦૯ થી તા-૧ જાન્યુઆરી-૨૦૧૦ સુધી શ્રીમદ્ ગુરુગીતા કથામૃતમ્ તથા દિવ્ય આધ્યાત્મિક પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ કથાનો સંપૂર્ણ આર્થિક સહયોગ ભાયલી ગામના દાતા શ્રી પ્રવિણભાઈ બેચરભાઈ પટેલે ઉઠાવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાતઃ ૯.૦૦ વાગ્યાથી ૧૧.૦૦ વાગ્યા સુધી આખા ભાયલી ગામમાં ૨૪ પીતવસ્ત્રધારી બહેનોએ પોતાના માથા પર કળશ, ૫૧ જ્વારા ધારણ કરેલ બહેનો, ૨૪ પોથીઓ, બેન્ડવાજા, આદિવાસી નૃત્ય, જ્ઞાનરથ તથા પૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીય માતાજીના રથ સહિત શોભાયાત્રા સાથે કરી હતી. મધ્યાહ્ન ૧.30 કલાકે શ્રીમદ્ ગુરુગીતા કથાનો શુભારંભ થયો. તેની સાથે જ ૧૧.૦૦ કલાકે વિરાટ આધ્યાત્મિક પુસ્તક મેળાનો શુભારંભ થયો. પુસ્તક મેળામાં બ્રહ્મભોજ સાહિત્ય ભાવનગર શક્તિપીઠથી આવ્યું હતું. તા-31 ડિસેમ્બરના દિવસે સાંજના ૭.30 કલાકે ૧૦૦૮ વિરાટ દીપમહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી તપોભૂમિ મથુરાથી શ્રી ઘનશ્યામ ભાઈ પટેલ પધાર્યા હતા. દીપયજ્ઞ બાદ પ્રજ્ઞાવતાર નાટીકા હિંમતપુર, તા-વડાલી, જિલ્લા-સાબરકાંઠાના પરિજનો દ્વારા રજુ કરવામાં આવ્યું. તા-૨ જાન્યુઆરી-૧૦ના દિવસે સવારે ૯.૦૦ કલાકે ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞનું સંચાલન શ્રીમતી રશ્મિબેન પટેલે કર્યું હતું. આ યજ્ઞમાં ૫૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સાથે સાથે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન રાખવામાં આવ્યું હતું, જેમાં રક્તદાન શિબિરમાં ૨૫ બોટલ લોહી એકત્રિત થયું હતું. ૪૦ ડાયાબીટીસના દર્દીઓ,૨૫ દાંતના દર્દીઓ તથા ૪ સ્ત્રી રોગની તપાસ કરવામાં આવી. દિવ્ય આધ્યાત્મિક પુસ્તક મેળામાં કુલ-૪૨,૦૦૦/- રૂપિયાના સાહિત્યનું વેચાણ થયું.

આ કાર્યક્રમમાં દેવ સ્થાપના-૪૦૦, પુંસવન સંસ્કાર-૧૯, જન્મદિન સંસ્કાર-૦૨, અન્નપ્રાશન સંસ્કાર-૦૭, વિદ્યારંભ સંસ્કાર-૪૦૦, યુગ શક્તિ ગાયત્રી-૬૩ સભ્યો બનાવવામાં આવ્યા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવારના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ☼

## બંગભૂમિના મહાયજ્ઞએ જગાડ્યો નવો ઉત્સાહ

**કોલકાતા (પં.બંગાળ)**

૨૩ થી ૨૬ જાન્યુઆરી-૧૦ની તારીખોમાં જન્મશતાબ્દી પ્રયોજનના ક્રમનો શુભારંભ ભૂકૈલાશ મેળા પ્રાંગણમાં (ખીદીરપુર વિસ્તાર)૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે કર્યો હતો.

કાર્યક્રમનો શુભારંભ સુભાષ ચંદ્ર બોઝ, પરમ પૂજ્ય ગુરુદેવ-માતાજી ગાયત્રી માતા તથા વિભિન્ન ઝાંખીની સાથે ભવ્ય કળશયાત્રા સાથે થયો હતો. એનાથી વિભિન્ન સમાજની



સામે એક સંદેશ પ્રસારિત કર્યો કે વધતી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે સમૂહ શક્તિ જરૂરી છે. વિભિન્ન સંપ્રદાયોના લોકોએ ભેદભાવ ભૂલીને કાર્યક્રમમાં આગળ પડતો ભાગ લીધો. એકતા સમતાને બળ પ્રદાન કરનારા હિન્દુ મુસ્લિમ વાળા વિસ્તારમાં આ કાર્યક્રમ જનમાનસમાં નવી આસ્થા જગાડતા સફળતાની આધારશિલા રાખી. યજ્ઞના આયોજકોએ એની સાથે જ ક્ષેત્રમાં વિભિન્ન રચનાત્મક કાર્ય ચલાવતા જન્મશતાબ્દી કાર્યક્રમમાં પૂર્ણ સહયોગ કરવા સંકલ્પ લીધો.

યજ્ઞની ત્રણ પાળીઓમાં હજારો લોકોએ પીડા નિવારણ તથા સમાજના ઉત્કર્ષ માટે યજ્ઞમાં આહુતિઓ અર્પણ કરી હતી. એ દરમ્યાન ૫૦ દીક્ષા સહિત યજ્ઞોપવિત, વિદ્યારંભ, મુંડન, નામકરણ, પુંસવન મોટી સંખ્યામાં સંપન્ન કરાવવામાં આવ્યા.

આ અવસર પર શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.અમલકુમાર દત્તા તથા શ્રી જયરામ મોટલાણીએ સ્વામી રામકૃષ્ણ પરમહંસ, માઁ શારદામણિ વિવેકાનંદજી, પરમ પૂજ્ય ગુરુદેવ-માતજીના વિભિન્ન સંસ્મરણના માધ્યમથી સંચય તથા શોષણની પ્રક્રિયાને મિટાવવા માટે પરમાત્માની અનંત શક્તિઓને યાદ રાખી આસ્તિક જીવન શૈલી અપનાવવા પર ભાર મુક્યો.

પૂર્ણાહુતિના અવસર પર પ્રો.લલિતા રાણા, શ્રીમતી મધુલિકા સિન્હા, શ્રીમતી લતા જાયસ્વાલે વિભિન્ન ઉદાહરણોના માધ્યમથી પૂજ્યવરનું સ્વપ્ન ૨૧મી સદી નારી સદી પર વિશેષ પ્રકાશ ફેંક્યો.

શ્રી કપિલ દેવ ગોસાંઈ, શ્રી અનિલ સિંહ, શ્રી કામતા સાવ, શ્રી હરિશંકર સાવ તથા અન્ય સાથીઓ દ્વારા યોજાયેલ આ મહાયજ્ઞના કેટલાય મહિના પહેલાં ચલાવવામાં આવેલ અભિયાનથી મહત્ત્વપૂર્ણ સફળતા મળી. આ કાર્યક્રમ કોલકાતા મહાનગરના જાગરણની દિશામાં મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિવાળું હતું.

મહાયજ્ઞ પહેલાં આયોજન સ્થળ પર સેવા માટે લેવામાં આવેલ વિવિધ ઉપક્રમ પણ ચલાવવામાં આવ્યા. તા-૧૬ જાન્યુઆરીના દિવસે મારવાડી રિલીફ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરમાં યુવાનોની વિશેષ ભાગીદારી રહી. તા-૨૧ જાન્યુઆરીના દિવસે ખિદીરપુર મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્થાનીય ક્લબ તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓએ મળીને સામૂહિક સ્વચ્છતા અભિયાન ચલાવ્યું. ☼

## રચનાત્મક દિશામાં વધતા યુવાનો

**ઈટાવા-કોટા (રાજસ્થાન)**

ગાયત્રી પરિવાર શાખા ઈટાવામાં તાલુકા કક્ષાએ તા-3 જાન્યુઆરીના દિવસે યુવા ચેતના સંમેલનનું આયોજન રાખવામાં આવ્યું હતું. એમાં પીપલ્યા તાલુકાના ૧૬૭ ગામોના યુવક-યુવતીઓએ ભાગીદારી કરી હતી. આ તાલુકામાં ૧૫ ગ્રામ પંચાયતમાં મિશનની ગતિવિધિઓથી સંચાલિત કરવા તથા પૂજ્યવરની પરિકલ્પના સભ્ય, સ્વસ્થ તથા સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે વિભિન્ન રચનાત્મક કાર્યક્રમ ચલાવવાનો સંકલ્પ લીધો.

ગાયત્રી શક્તિપીઠ કોટાના વરિષ્ઠ પરિજનોએ યુવાનોને માર્ગદર્શન આપ્યું. સંચાલકોએ યુવાનોને પંચશીલ સિદ્ધાંતો પર ચાલવા આહ્વાન કર્યું. યુવાનોએ ઈંદ્રિય સંયમ, સમય સંયમ, વિચાર સંયમ તથા અર્થ સંયમ પર વિસ્તારથી જાણકારી મેળવી જીવન પ્રબંધનના સૂત્ર શિખ્યા. સૌએ પોતાના જીવનમાં આ પંચશીલોને અપનાવી આદર્શનિષ્ઠ વ્યક્તિ બનવાની વાત કહી.

શ્રી અરૂણ કુમાર દેશમુખે યવાનોની સમસ્યાઓનું સમાધાન પૂજ્યવરના સિધ્ધાંતની અનુરૂપ આપવામાં આવ્યું. સુશ્રી વર્ષા મેહરાએ લોકોને સક્ષ આંદોલનો તથા રચનાત્મક ગતિવિધિઓમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું. શ્રી દુર્ગાલાલ, શ્રી ચતુર્ભુજ મોદી, કે.કે.સક્સેના ભૈયારામ વગેરેએ સંમેલનમાં વિવિધ વિષયો પર વિસ્તારથી જાણકારી આપી. શ્રી ચંદ્રભાનજીએ સંમેલનનું સંચાલન કર્યું.

## ગાયત્રી પરિવાર શાખા લીંબડી

**ગાયત્રી શક્તિપીઠ લીંબડી**

લીંબડી ગાયત્રી પરિવાર પરિવાર ટ્રસ્ટ દ્વારા જન્મશતાબ્દી નિમિત્તે



કુમારીકાઓ દ્વારા ગાયત્રી યજ્ઞની શૃંખલા આરંભ કરવામાં આવી છે. તેની સાથે સાથે સ્ટીકર અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.પૂજ્ય ગુરુદેવના સદવિચારોવાળી નાની નાની પુસ્તકોનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. બાળકોના જન્મદિવસની સાથે શિક્ષા અને વિદ્યાનું મહત્ત્વ સમજાવવામાં આવી રહ્યું છે. આ શૃંખલાની અંતર્ગત રાજચરાડી તેમજ વડોદ ગામે ૫૧-૫૧ કુમારીઓ દ્વારા પંચકુંડીય ગાયત્રી યજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના આગેવાન ભાઈ-બહેનોએ પણ આગળ પડતો ભાગ લીધો હતો. આ કાર્યક્રમનેસફળ બનાવવા શ્રી રસિકભાઈ રાવલે તથા ઉર્મિલાબહેને ભારે મહેનત કરી હતી.

**ચરિત્રવાનનો વૈભવ ક્યારેય ક્ષીણ થતો નથી.**

# સમગ્ર ગુજરાત વિરાટ પુસ્તક મેળાઓની ધૂમ મચી

## અમદાવાદમાં વિરાટ પુસ્તક મેળામાં ૨૪ લાખ રૂપિયાના સાહિત્યનું બ્રહ્મભોજ વેચાણ થયું




**નરોડા, બાપુનગર, ઈન્ડિયા કૉલોની, ઓઢવ શાખા અમદાવાદ**

તા-૬ ફેબ્રુઆરી-૧૦ થી તા-૧૪ ફેબ્રુઆરી-૧૦ સુધી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર બાપુનગર, ઈંડિયા કૉલોની, નરોડા અને ઓઢવ શાખા તથા સહયોગી પ્રજ્ઞામંડળ, મહિલા મંડળ દ્વારા સંયુક્ત રીતે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં એક વિરાટ પુસ્તક મેળાનુ આયોજન રાખવામાં આવ્યું હતું.

આ પુસ્તક મેળામાં પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા લખાયેલ ૮૦૦ થી વધુ વિષયો ઉપરના ગુજરાતી પુસ્તકોનું વેચાણ કરવામાં આવ્યું. આ પુસ્તક મેળા દરમ્યાન કુલ ૨૪ લાખ ૫૧ હજાર રૂપિયાનું વેચાણ ૫૦ ટકા (બ્રહ્મભોજ) દ્વારા કરવામાં આવ્યું.

આ મેળાની શરૂઆત અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જ્ઞાન શક્તિ કળશના માધ્યમથી ગાયત્રી પરિવારના પ્રચારકો દ્વારા ઘરે-ઘરે જઈ તેમને યુગ સાહિત્યની રૂપિયા ૧૦૦,૨૦૦ તથા ૫૦૦ની કુપન (હુંડી) આપવામાં આવી હતી, જે અંતર્ગત ગાયત્રી પરિવાર દ્વારા રૂપિયા ૨૦૦,૪૦૦ તથા ૧૦૦૦ની કિંમતનું સાહિત્ય તેમને આ પુસ્તક મેળા દરમ્યાન આપવામાં આવ્યું હતું. આ જ્ઞાન શક્તિ કળશના માધ્યમથી પુસ્તક મેળાની શરૂઆત પહેલાં જ કુલ ૧૫ લાખ રૂપિયાના સાહિત્યનું વેચાણ કુપન( હુંડી )ના માધ્યમથી કરવામાં આવ્યું હતું.

એના પહેલાં તા-૬ ફેબ્રુઆરીના દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેને ચાર અલગ અલગ વિસ્તારમાંથી શરૂ કરી પુસ્તક મેળાના સ્થળ પર આવી પહોંચી હતી. આ શોભાયાત્રામાં કુલ ૧૦૦ થી પણ વધુ વાહનોમાં ૨૫૦૦ પરિજનો તથા નગરજનોએ ભાગ લીધો હતો. અંતમાં સૌના માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સાંજના ૬ કલાકે આ પુસ્તક મેળાના ઉદ્દ્ઘાટનનો ક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં આ પુસ્તક મેળાના સંયોજક શ્રી પાંડેજી, મથુરાથી શ્રી ઘનશ્યામભાઈ પટેલ, જ્ઞાનપીઠના ડૉ.રાજેન્દ્ર પ્રસાદજી, ગુજરાત ગાયત્રી પરિવારના ઝોનલ કન્વીનર શ્રી રાજુભાઈ દવે તથા ગાયત્રી શક્તિપીઠ શાહીબાગના શ્રી હેમરાજભાઈ ત્રિવેદી, સ્થાનિક અગ્રણી શ્રી બળદેવભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, કોર્પોરેટર શ્રી દેવચંદભાઈ પટેલ વગેરેની હાજરીમાં ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પુસ્તક મેળાની વિશેષતા એ હતી કે દરેક પુસ્તકોને વિષય તથા વાચકોની ઉંમર પ્રમાણે વિભાજીત કરવામાં આવ્યા હતા અને જે માટે કુલ ૨૪ સ્ટોલમાં આ પુસ્તકોને વિષય તથા ઉંમર પ્રમાણે ગોઠવવવામાં આવ્યા હતા. પુસ્તક મેળામાં લઘુ પુસ્તીકા (પોકેટ બુક), વેદ, ઉપનિષદ, આર્ષગ્રંથ, વાંગ્મય માટે અલાયદા સ્ટોલ રાખવામાં આવ્યા હતા. પુસ્તક મેળામાં આવેલ લોકો પુસ્તકોને વાંચી શકે તે માટે વાંચનાલયની વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી હતી. પુસ્તક મેળામાં પુસ્તકો સિવાય વીડિયો પ્રદર્શની પણ રાખવામાં આવી હતી. જેમાં આગંતુકોને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલની માહિતી વીડિયો દ્વારા સતત આપવામાં આવી રહી હતી. અંતમાં નિકાસ માર્ગ પાસે રાખવામાં આવેલ ડાયરીમાં લોકોએ પોતાના પ્રતિભાવ લખ્યા હતા.

આ પુસ્તક મેળામાં પૂર્વ વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક વાંચનાલયો તથા વિવિધ ધાર્મિક, સામાજીક, રાજનૈતિક સંસ્થાઓ દ્વારા મોટી સંખ્યામાં પુસ્તકો ખરીદવામાં આવ્યા હતા. આ પુસ્તક મેળામાં અયોજકોના આમંત્રણને માન આપી શ્રી બ્રહ્માકુમારી સંસ્થાના ગુજરાતના સંચાલક શ્રી ઉષાબહેન તથા તેમની ટીમ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા શ્રી વલ્લભભાઈ, અમદાવાદના ડે.મેયર ડૉ.કલ્પનાબેન ભટ્ટ, અમદાવાદ જિલ્લાના દસકોઈ વિધાનસભાના સભ્ય શ્રી બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**શ્રીમદ પ્રજ્ઞાપુરાણ કથા**

તા-૮ થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૧૦ના દિવસોમાં આ વિરાટ પુસ્તક મેળાની સાથે જ યુગઋષિની અમૃતવાણી શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથાનું પાંચ દિવસનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. આ કથાનું શ્રીમતી મીનાક્ષીબેન કાબરિયાએ રસપાન કરાવ્યું હતું. કથાનો સમય રાત્રીના ૮ થી ૧૧ રાખવામાં આવ્યો હતો. કથામાં આશરે ૩૦૦૦થી વધુ શ્રોતાઓએ કથાનું શ્રવણ કર્યું હતું.

**૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ**

તા-૮ થી ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૦ના દિવસોમાં આ વિરાટ પુસ્તક મેળાની સાથે જ ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ૨૦૦ થી વધુ પરિજનોએ લાભ લીધો હતો. આ મહાયજ્ઞના માધ્યમથી લોકોને પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્ય વિશે માર્ગદર્શન આપી તેમને તે ખરીદવા પ્રેરણા આપી હતી.

**વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન**

તા-૭ ફેબ્રુઆરીના દિવસે અમદાવાદ પૂર્વ વિસ્તારની ૧૦૦ થી વધુ શાળાઓના ધોરણ-૯ થી ૧૨ના આશરે ૩૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ-ને ડૉ.મુકેશભાઈ દલાલે બોર્ડની પરીક્ષામાં સફળતા માટેના સૂત્રો સમજાવી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તેમની સાથે શ્રી જવલંતભાઈ ભાવસાર (સાયકોલોજીસ્ટ દે.સં.વિ.વિ.)એ ધ્યાનના માધ્યમથી એકાગ્રતા કેવી રીતે કેળવવી તેની સમજુતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઉમેશ ઢાંકેચાએ કર્યું હતું.

**યુવા સંમેલનઃ-**વ્યક્તિત્વ વિકાસમાં પુસ્તકોનું યોગદાન વિષય પર ડૉ.મુકેશભાઈ દલાલ સાહેબે યુવાઓને માર્ગદર્શન આપી તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. યુવા સંમેલનમાં લગભગ ૧૦૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો.

**પ્રબુદ્ધ વર્ગ માટે ઉપયોગી વક્તવ્ય**

તા-૭ ફેબ્રુઆરીના દિવસે સાંજના ૬ થી ૯ દરમ્યાન અમદાવાદના પ્રબુદ્ધ નાગરિકો માટે એક જાહેર ઉપયોગી વક્તવ્યનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદના પૂર્વ વિસ્તારના ડૉક્ટરો, વકિલો, ઉદ્યોગપતિઓ, શાળા-કૉલેજોના સંચાલકો, પ્રોફેસરો, શિક્ષકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ''અર્દ્ધ જાગૃત મનની શક્તિઓ (TTT TTTTT TT TTTTTTTTTTTT TTTT)'' વિષય પર ડૉ.મુકેશભાઈ દલાલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સારી સમજુતી આપી હતી. આયોજકોના આમંત્રણને માન આપી ૧૭૦૦ થી વધુ પ્રબુદ્ધ નાગરિકોએ કાર્યક્રમનો લાભ લીધો હતો. પ્રબુદ્ધ વર્ગના કાર્યક્રમનું સંચાલન શ્રી ચિરાગ વ્યાસે કર્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમઃ-**આ વિરાટ પુસ્તક મેળામાં યુવા ભાઈ-બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી પરિવારના બાળકો, યુવાનોએ વિવિધ માહિતીસભર તથા લોકોમાં જાગૃતિ ફેલાવે તેવા વ્યસનમુક્તિ, સ્ત્રીભ્રુણ હત્યા (બેટી બચાવો), પર્યાવરણ બચાવો, ભારતીય સંસ્કૃતિ, દેશ ભક્તિ, કુરિવાજો ઉપર વિવિધ સાત્વિક તથા મનોરંજીત સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેને ૧૦,૦૦૦થી વધુ લોકોએ નિહાળ્યો હતો.

**વક્તૃત્વ સ્પર્ધાઃ-**તા-૧૪ ફેબ્રુઆરીના દિવસે ૩ થી ૬ વાગ્યા સુધી યુવાનો તથા વડિલો માટે એક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય આંતરિક શક્તિઓને મજબૂત કરી જાહેરમાં બોલવાની કળા કેળવી શકાય તથા મંચ ઉપર બોલવાનો ડર દૂર થાય તે હતો. જેનો વિષય 'મને શું થવું ગમે? શિક્ષક, સંત કે સમાજ સુધારક' હતો. જેમાં ૨૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન કુ.કોમલ વોરાએ કર્યું હતું.

**સવાલાખ વિરાટ ગાયત્રી દીપ મહાયજ્ઞ**

વિરાટ પુસ્તક મેળાની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય સવાલાખ ગાયત્રી દીપ મહાયજ્ઞનું આયોજન દ્વારા કરવામાં આવી. જેમાં શ્રીમતી ડૉ.મમતાબેન રામીએ પોતાની ઓજસ્વી વાણીમાં સૌને પૂજ્યવરનો સંદેશ આપીને આ મહાન અભિયાન સાથે જોડાવવા અપીલ કરી હતી. જેમાં ૭૦૦૦થી વધુ લોકો પધાર્યા હતા.

## પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી નિમિત્તે પાંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞોની શ્રૃંખલા આરંભ

**શાસ્ત્રીનગર (અમદાવાદ)**

પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી નિમિત્તે પાંચ વિરાટ પુસ્તક મેળાની સાથે પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞોના ૧૦૮ આયોજનોની શૃંખલા આરંભ કરી છે. જેમાં પ્રથમ શૃંખલામાં દેત્રોજ તાલુકાના ૫૮ ગામોમાં શરૂઆત કરી છે. જેમાં કાંઝ, રામપુરા, અશોકનગર અને કાંત્રોડી ગામ ખાતે તા-૧૪ માર્ચના દિવસે ગાયત્રી પરિવાર શાસ્ત્રીનગર શાખાના ભાઈ-બહેનો દ્વારા સંપન્ન કરવામાં આવ્યો. રામપુરાના રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક શ્રી પ્રભાતપુરી દેસાઈ તથા દરેક ગામના સરપંચશ્રીઓ, તલાટીઓનો સહયોગ સારો સાંપડ્યો હતો. કાંઝ ગામ ખાતે શ્રી વીરમભાઈ તથા સરપંચશ્રી વિનુભાઈ તથા પ્રેમશંકરભાઈ, ઉપેન્દ્રભાઈએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યકર્તાઓમાં શ્રી ઓ.એન.જી.સીના શ્રી કે.જે.ભટ્ટ, સેન્ટ્રલ બેંકના શ્રી ભાનુભાઈ, ગુજરાત હાઈકોર્ટના શ્રી ભરતભાઈ, શ્રી કલ્પેશભાઈ આચાર્ય, યોગીનીબેન ત્રિવેદી, ઉષાબેન પંડ્યાએ સક્રિય ફાળો આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમની દેત્રોજ તાલુકાની વ્યવસ્થા સંસ્થાના શ્રી શૈલેષભાઈ ઠાકરે સંભાળી હતી.

## પરમ પૂજ્ય ગુરુદેવના ૯૯મા જન્મદિનની ઉજવણી

**ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર**

પરમ પૂજ્ય ગુરુદેવના ૯૯મા જન્મદિનની ઉજવણી વસંત પંચમીના દિવસે ગાંધીનગર ગાયત્રી પરિવાર દ્વારા સેક્ટર-૧ ખાતે ઉજવવામાં આવી.

પરમ પૂજ્ય ગુરુદેવના જન્મદીનની ઉજવણી માઁ સરસ્વતી-જ્ઞાનની-કલાની દેવીનો જન્મદિન, વસંત ઋતુરાજના વધામણા અંતર્ગત વૈદિક મંત્રોચ્ચાર સહિત પૂજન, અર્ચન,૧૦૮ દીપમાળા દેવકન્યાઓ દ્વારા આહુતિ આપવામાં આવી હતી.

જન્મશતાબ્દી અંતર્ગત દેવકન્યાઓ દ્વારા ધોળાકુવા (માણસા) ઉના નાથીબા આર્ટ્સ કોમર્સ કૉલેજ-ગાંધીનગર, સેક્ટર-૨૭, ૨૪, સેક્ટર-૩, મોટી શિહોલી જેવા ગામોની દેવકન્યાઓ દ્વારા દીપયજ્ઞોની શૃંખલા ચલાવી દીપ પ્રગટાવી પૂજ્યવરને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અહીં એક દિવસ પહેલાં નેત્રયજ્ઞ દ્વારા ૨૨૫ દર્દીઓને તપાસી ૧૮ નેત્રમોતીયાના દર્દીને નિઃશુલ્ક ઓપરેશન માટે નેત્રચિકિત્સક ડૉ.શિલ્પાબેન ભટ્ટ, એમ.એસ.(ઓથો.)દ્વારા દર્દીઓને લાવવા-લઈ જવા અને નેત્રમણી મુકી ઓપરેશન કરવાનું આયોજન રાખવામાં આવ્યું હતું.જેમાં ૧૩૫ દરદીઓને ચશ્માના નંબર કાઢી રાહતદરે ચશ્મા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની સફળતા માટે ગાયત્રી પરિવારના પરિજનોએ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

**જે ધર્મને નષ્ટ કરે છે, ધર્મ તેને નષ્ટ કરી દે છે અને જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ એની રક્ષા કરે છે.-મનુ સ્મૃતિ**

# ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વાંગ્મયની સ્થાપના કરવામાં આવી

**લખનૌ(ઉત્તર પ્રદેશ)**

અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરી તથા એના સંજીવની સત્વને એકત્રિત કરીને વાંગ્મયનું રૂપ આપવામાં આવ્યું છે અને એ તરફ માત્ર અધ્યાત્મ તથા સાહિત્ય પ્રેમી જ નહીં, પરંતુ દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પણ સ્થાપના થઈ રહી છે. ઈંદિરાનગરના ગાયત્રી જ્ઞાન મંદિરે ઉત્તરપ્રદેશના ઉચ્ચ શિક્ષણ પ્રબંધન તથા ટેકનોલૉજી સંસ્થાઓ, વિભિન્ન મંત્રાલયો, સમાચાર પત્રોના કાર્યાલયો સહિત ૧૬૧ સ્થાનોમાં વાંગ્મયની સ્થાપના કરાવી ચુક્યા છે.

એની આગામી કડીમાં શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.ઓ.પી.શર્માના લખનૌ પ્રવાસ દરમ્યાન ઈંસ્ટીટ્યૂટ ઑફ ટેકનોલૉજી એન્ડ મેનેજમેન્ટ, એસ.વી.એન. ઈંસ્ટીટ્યૂટ ઑફ રિસર્ચ એન્ડ ટેકનોલૉજી, એસ.વી.એસ. કૉલેજ ઑફ ટેકનોલૉજી એન્ડ મેનેજમેન્ટ તથા બોરા ઈંસ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સાયન્સ વગેરે પ્રબંધન પ્રશિક્ષણ સંસ્થાઓના પુસ્તકાલયોમાં વાંગ્મયની સ્થાપના કરવામાં આવી.



શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ ડૉ.ઓ.પી.શર્મા

આ અવસર પર ડૉ.શર્માએ કહ્યું કે પૂજ્યવર નું સાહિત્ય એવું વિચાર દર્શન છે, જે સીધું હૃદયમાં ઉતરીને વિધેયાત્મક ચિંતનને જન્મ આપે છે, જેનાથી વ્યક્તિનું ચરિત્ર, ચિંતન તથા વ્યવહાર બદલાઈ જાય છે. વ્યક્તિનું વ્યક્તિત્વ સમગ્ર વિકાસના માર્ગ પર ચઢતાં આત્મોન્નતિના રાજપથ પર સ્થાપિત થઈ જાય છે. વિધેયાત્મક ચિંતન એક એવી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેનાથી અમારૂ મસ્તષ્ક અલ્ફા કિરણોને ૭ થી ૧૪ ચક્ર પ્રતિ સેકન્ડના દરથી ઉત્સર્જન કરવા લાગે છે. એ જ સમય મસ્તષ્કથી વિભિન્ન પ્રકારના ન્યુરોકેમિકલ્સ જેવા એસિટિલકોલાઈન, ડોપામાઈન, સિરેટોનિન તથા એન્ડોર્ફિનનું સ્ત્રાવણ વધી જાય છે, જેનાથી સકારાત્મક વિચાર સર્જનની વર્ષા થવા લાગે છે. આ જ મસ્તષ્કનું કાર્ય કરવાની સર્વોત્તમ અવસ્થા હોય છે. આ સ્થિતિમાં વ્યક્તિની સકારાત્મક વિચાર સર્વોચ્ચ સ્થિતિમાં હોય છે.

ડૉ.શર્માએ આ વૈજ્ઞાનિક વિવેચણની સાથે જ ટેકનોલૉજી પ્રબંધનના સમસ્ત વિદ્યાર્થીઓને સફળતાના સરળ સૂત્ર બતાવ્યા, જેને વિદ્યાર્થીઓએ સહજ સંવાદ શૈલી દરમ્યાન ગ્રહણ કર્યા. વિદ્યાર્થીઓને સફળ જીવનની દિશાધારા પુસ્તક તથા એ વિભાગના સભ્યોને અખંડ જ્યોતિ પત્રિકાઓ ભેટ આપી.

આ સંસ્થાઓમાં શ્રીમતી ઈંદિરા થાપા, શ્રી એસ.પી.ગુપ્તા, શ્રી એમ.આર.જોશી, શ્રીમતી શશિ દ્વિવેદી વગેરેએ પોતાના પરિવારજનોની પુણ્ય સ્મૃતિ તથા વિવાહ દિવસના ઉપલક્ષ્યમાં વાંગ્મય ભેટ આપ્યા.

ડૉ.શર્માની વરિષ્ઠ પત્રકારોની સાથે ચર્ચા થઈ. જેમાં પત્રકારોએ જન્મશતાબ્દી વર્ષ, મિશનની રચનાત્મક ગતિવિધિઓ તથા જીવન જીવવાની કલા સહિત વિભિન્ન પાસાઓ પર જાણકારી મેળવી મુક્ત કંઠથી પ્રશંસા કરી. શ્રી ઉમાનંદ શર્મા, શ્રીમતી લક્ષ્મી જોશી, શ્રીમતી નિર્મલા પાંડે, શ્રીમતી મુન્નીસિંહ વગેરેની ઉલ્લેખનીય ભૂમિકા રહી.

# દમોહના કાર્યકર્ત્તા સંમેલનમાં લેવામાં આવેલ નવા સંકલ્પ

**દમોહ (મધ્યપ્રદેશ)**

૩૦ તથા ૩૧ જાન્યુઆરી-૧૦ની તારીખોમાં દમોહ જિલ્લાના કાર્યકર્તાઓનું વિશેષ સંમેલન સંપન્ન થયું. એમાં શાંતિકુંજ પ્રતિનિધિ તથા મધ્ય ઝોનના પ્રભારી શ્રી વીરેન્દ્ર તિવારી, શ્રી શિવકુમાર પાંડે, ભોપાલ ઝોનના પ્રભારી શ્રી મહાકાલેશ્વર શ્રીવાસ્તવ, પ્રાંતીય સમન્વયક શ્રી રમાશંકર દ્વિવેદી વગેરેએ પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવી રહેલ કાર્યક્રમોની વિસ્તાર પૂર્વક જાણકારી આપી.

આ અવસર પર શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી વીરેન્દ્ર તિવારીએ કહ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવના જ્ઞાનરૂપી શરીર એમના સત્સાહિત્યને પ્રદેશના તમામ જિલ્લાના પ્રત્યેક ગામના ઘરે-ઘરમાં વર્ષ-૨૦૧૨ સુધી અવશ્ય પહોંચાડી દેવું જ પોતાના આરાધ્યની સાચી શ્રદ્ધાંજલિ હશે. શ્રી મહાકાલેશ્વર શ્રી-વાસ્તજીએ તથા મધ્યઝોનના પ્રભારી શ્રી શિવકુમાર પાંડેએ પોત-પોતાના ઉપજોનો દ્વારા કરવામાં આવી રહેલ સમાજોપયોગી કાર્યોની વિસ્તારથી જાણકારી આપી. મધ્યપ્રદેશના યુવા પ્રકોષ્ઠના સમન્વયક શ્રી વિજય વર્ગીયજીએ યુવાનો દ્વારા કરવામાં આવી રહેલ રચનાત્મક કાર્યક્રમોનો રીપોર્ટ વિસ્તારથી રજુ કર્યો.




દમોહમાં કેન્દ્રીય પ્રતિનિધિ તથા અન્ય વિશિષ્ટ અતિથિ તથા સ્થાનિક વરિષ્ઠ પરિજનો

**સમ્મેલનમાં લેવામાં આવ્યા નવા સંકલ્પ**

- જિલ્લાના પ્રત્યેક ગામમાં પૂજ્યવરનું સાહિત્ય પહોંચાડવું.
- જીવન સાધનાને વ્યવહારમાં ઉતારવું.
- ફળદાર તથા છાયાદાર વૃક્ષો લગાવવા.
- વ્યસન મુક્તિ કાર્યક્રમને પોત-પોતાના ક્ષેત્રમાં ગતિ આપવી.
- સ્વાસ્થ્ય પ્રત્યે લોકોને જાગૃત કરવા.
- કુટિર ઉદ્યોગની તાલીમ આપવી.
- વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનું બીજારોપણ તથા સંસ્કાર પરંપરાનો નિર્વાહ કરવો તથા કરાવવો.

## જન્મશતાબ્દીની દિશામાં આગળ ધપતા ચરણ

**ધુમારવી-જિલ્લા-શિમલા (હિમાચલ પ્રદેશ)**

તા-૨૦ ડિસેમ્બરના દિવસે કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી એસ.આર. અત્રીની ઉપસ્થિતિમાં પ્રાંતીય સમિતિની વિચાર બેઠક ધુમારવીના શિવ મંદિર હૉલમાં સંપન્ન થઈ. ઋત્વિજ, વરણી તથા ભાગીદાર સ્તરના સભ્યોની સંખ્યા વધારવાનો સંકલ્પ ઉમટ્યો. એ નિમિત્તે યજ્ઞ, દીપમહાયજ્ઞ, જ્ઞાનરથ તથા ઝોલા પુસ્તકાલય-ના માધ્યમથી રાજ્યના પ્રત્યેક ગામ સુધી પહોંચાડવા માટે યોજનાઓની રૂપરેખા તૈયાર કરવામાં આવી.

જન્મશતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવી રહેલ કાર્યક્રમના ક્રમમાં ઉદ્યાનિકી તથા વાનિકી વિશ્વ વિદ્યાલય નૌણી જિલ્લા સોલનના કુલસચિવ શ્રી બલદેવ ઠાકુરના પ્રયાસોથી વિશ્વવિદ્યાલય તથા સંબંધિત કૉલેજ પરિસરમાં સ્ટીકર્સ લગાવવામાં આવ્યા છે. એનાથી પ્રભાવિત યુવાનોમાં સાર્થક પરિવર્તન જોવા મળ્યા છે.

આ અવસર પર શિમલા જિલ્લાના પરિજનોએ સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણ માટે વિશેષ અભિયાન ચલાવવાનો સંકલ્પ લીધો. શ્રી દેવેન્દ્ર ગુપ્તા, શ્રી બી.એન.શર્મા, શ્રી રમેશ ટંડન વગેરેએ યુવાનોને સમાજની મુખ્ય ધારામાં લાવવા તથા ભારતીય સંસ્કૃતિના વિસ્તાર પર પ્રકાશ ફેંક્યો.

# ૨૪ કરોડ ગાયત્રી મહામંત્ર જપની પ્રથમ ચરણની પૂર્ણાહુતિ

**૫૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે જપયજ્ઞની પ્રથમ ચરણની પૂર્ણાહુતિ**

**વિસનગર (મહેસાણા)**

પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષમાં ગાયત્રી પરિવાર વિસનગર કાંસા એન.એ. વિસ્તારમાં ૨૪ કરોડ ગાયત્રી મહામંત્ર જપ આરંભ કરી દીધો છે, જેના પ્રથમ ચરણમાં મહાશિવરાત્રિના દિવસે ૫૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી. આ જપયજ્ઞનું આયોજન કાંસા એન.એ. વિસ્તાર ગાયત્રી પરિવાર, ગાયત્રી પ્રજ્ઞાપીઠ વિસનગરના સહકારથી ઋષિકેશ સોસાયટી ના ખુલ્લા પ્લોટમાં વિશાળ મંડપ બાંધી સામૂહિક જપ પ્રાતઃ ૪ કલાકથી સાંજના ૮.૦૦ કલાક સુધી કરવામાં આવ્યા હતા. જેમાં વિસનગર શહેરની શાખાઓ, વિજાપુર, મહેસાણા, ઉંઝા, પાટણ, માણસા, બાયડ, કલોલ, સિદ્ધપુર, અંબાજી, ખેરાલુ, વડનગર વગેરે તાલુકાની શાખાઓમાંથી દૂરદૂરથી પધારેલ લગભગ ૨૦૦૦ પરિજનોએ ભાગ લીધો હતો.



જપયજ્ઞની પ્રથમ પૂર્ણાહુતિ કરવા માટે અમદાવાદથી શ્રી પ્રવીણભાઈ પટેલની ટોળી આવી હતી. ગાયત્રી મહાયજ્ઞમાં ૩૦૦૦ સાધકોએ ભાગ લીધો હતો. જેમાં જપની દશાંશ ભાગની આહુતિ આપવામાં આવી હતી. સાથે સાથે ધોરણ-૧૦ અને ૧૨ના લગભગ ૨૫૦ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા માટે દરેક પરિજનોએ પોતાની શુભકામનાઓ પાઠવી હતી. જેનાથી તમામ બાળકોના માતા-પિતા ભાવવિભોર થયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિસનગર શાખાની તમામ બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્વામી વિવેકાનંદના આદર્શો પર ચાલવા આહ્વાન

**ભીનમાલ (રાજસ્થાન)**

સ્વામી વિવેકાનંદજીની જયંતી ગાયત્રી પરિવાર તથા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયુક્ત તત્વાવધાનમાં ૧૨ જાન્યુઆરીના દિવસે પ્રાતઃ ગાયત્રી શક્તિપીઠના પ્રાંગણમાં ઉજવવામાં આવી. ગાયત્રી વિદ્યાપીઠ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલયની છાત્ર-છાત્રાઓએ હાથોમાં ભગવા ધ્વજ લઈને જયઘોષની સાથે વિવેકાનંદના સર્કલ સુધી રેલી કાઢવામાં આવી. સ્વામીજીની મૂર્તિનું પૂજન તથા માલ્યાર્પણ કરવામાં આવ્યું.

ગાયત્રી વિદ્યાપીઠની છાત્રાઓએ યુગ સંગીત 'હો જાઓ તૈયાર સાથીઓ...' તથા 'કહે ભારત કા લાડલા....' વગેરે ગીત રજુ કરી ઉપસ્થિત ગણમાન્ય નાગરિકોનું ધ્યાન આકર્ષિત કર્યુ. કાર્યક્રમને સર્વશ્રી નરેન્દ્ર આચાર્ય, મહેશ વ્યાસ, આચાર્ય હેમન્ત ઠાકુર વગેરેએ સંબોધિત કર્યા. એમાં સર્વશ્રી કોલચંદ સોની, વરદારામ સુથાર, જેઠારામ માળી, પ્રદીપ શર્મા તથા જોરસિંહે સહયોગ પ્રદાન કર્યો.

**અનીતિ સહન કરતાં રહેવાની અપેક્ષા કરતાં, એની સાથે લડતા મરી જવું શ્રેષ્ઠ છે.**

# જન્મશતાબ્દીના કાર્યક્રમો પ્રત્યે ઉમટ્યો લોકઉત્સાહ

**ઈંદોર (મધ્યપ્રદેશ)**

મધ્યપ્રદેશની વ્યવસાયિક પાટનગર ઈંદોરના દશહર મેદાનમાં તા-૧૩ થી ૧૮ જાન્યુઆરી-૧૦ના દિવસે ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ તથા પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ ૧૧૦૦ કળશધારી મહિલાઓ દ્વારા કાઢવામાં આવેલ ભવ્ય કળશયાત્રાથી થયો. શ્રી રાધેશ્યામ કાસરની ટીમ દ્વારા બનાવવામાં આવેલ પુસ્તક મેળાનો શુભારંભ મેયર શ્રી કૃષ્ણ મુરારી મોઘે તથા સભાપતિ શ્રી શંકરલાલ યાદવે દીપ પ્રગટાવીને કર્યો. નિત્ય સાંજના સમયે કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી સંદીપ પાંડેની ટોળી દ્વારા રોચક શૈલીમાં પ્રજ્ઞા પુરાણ કથા કરવામાં આવતી હતી. કથામાં લોકોને જીવન જીવવાની કળા તથા યુવાવર્ગને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવાના મહત્ત્વપૂર્ણ સૂત્ર આપવામાં આવ્યા.

કાર્યક્રમના ત્રીજા દિવસે શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી કેશરી કપિલજી તથા ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રી સત્યનારાયણ પંડ્યાજી પહોંચ્યા હતા. શ્રી કપિલજીએ પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં વિતાવેલ પળોને માર્મિક ઢંગથી સંભળાવ્યા. તેમણે સાચા શિષ્યના સમર્પણ વિષય પર વિસ્તારપૂર્વક સમજાવ્યું.

શ્રી કપિલજીએ ઈંદોરની જનસંખ્યાના ૧૦ થી ૧૫ ટકા લોકોને પ્રજ્ઞાપુત્ર બનાવી એમની ભાગીદારી સુનિશ્ચિત કરવા તથા જન્મશતાબ્દી વર્ષના વિભિન્ન આયોજનોમાં યુવાનોને જોડવા માટે આહ્વાન કર્યું.

એ દરમ્યાન વરિષ્ઠ પરિજનોએ શ્રેષ્ઠ કાર્ય કરનારાનું સન્માન કર્યું. સંપૂર્ણ કાર્યક્રમમાં વિભિન્ન મતાવલમ્બિઓ, પ્રમુખોની વિશેષ ભાગીદારી રહી. સૌએ એને પ્રાણીમાત્રના કલ્યાણ માટે માઈલન પથ્થર બતાવ્યો.



ઈંદોરમાં શ્રદ્ધાળુઓને સંબોધિત કરી રહેલ શ્રી કપિલજી, આદ. શ્રી સત્યનારાયણ પંડ્યાજી

પૂર્ણાહુતિના અવસર પર યજ્ઞીય જીવન જીવવા, ત્યાગ તથા પરમાર્થનું આચરણ કરવા તથા યજ્ઞથી વિવિધ બીમારીઓથી બચાવ કરવા, વાયુ પ્રદૂષણની સમસ્યાથી છુટકારો મેળવવા જેવા વિભિન્ન સમસ્યાઓના સમાધાનને વિસ્તારથી બતાવવામાં આવ્યા. આ સંપૂર્ણ કાર્યક્રમના ક્રિયાન્વયનમાં શહેરી તથા ગ્રામીણ વિસ્તારથી આવેલ ગાયત્રી શક્તિપીઠ કેશરબાગની મુખ્ય ટ્રસ્ટી શ્રીમતી ઉષા તિવારી, શ્રીમતી શશી મહાજન, શ્રીમતી કુસુમ વર્મા, શ્રીમતી ગૌરી પટેલ વગેરેની વિશેષ ભૂમિકા રહી.

## યુવાનોએ જાણ્યા વ્યક્તિત્વ વિકાસના સૂત્રો

**જાલંધર (પંજાબ)**

૭ થી ૯ જાન્યુઆરીની તારીખોમાં સેંટ સોલ્જર ગ્રુપ ઑફ એજ્યુકેશનના લૉ તથા મેનેજમેન્ટ સંસ્થા, ડી.એ.વી.નર્સિંગ સંસ્થા તથા ભારત વિકાસ પરિષદમાં વ્યક્તિત્વ વિકાસ પર વિશેષ બેઠક રાખવામાં આવી હતી. જેને સંબોધન આપવા શાંતિકુંજની શ્રી રાકેશ જયસ્વાલની ટોળી પહોંચી હતી.

આ અવસર પર કેન્દ્રીય પ્રતિનિધિ શ્રી જયસ્વાલે કહ્યું સ્થૂળ શરીરનો શ્રમ, સમય તથા ધન, સૂક્ષ્મ શરીરના વિચાર પક્ષ, કારણ શરીરના ભાવ પક્ષ તથા આત્મીક શરીરના આધ્યાત્મિક વિકાસથી જ વ્યક્તિત્વમાં સમગ્રતા આવે છે. વ્યક્તિત્વ વિકાસ સર્જનાત્મક, પ્રબંધન તથા સકારાત્મક દૃષ્ટિકોણના સમન્વયથી જ સંભવ છે. જીવનની ગુણવત્તાનો વિકાસ જ વ્યક્તિત્વનો પરિષ્કાર છે. જીવનચર્યાનો વિકાસ દિનચર્યાના વિકાસથી જ સંભવ છે.

આ વિદ્યાલયોના ૫૦૦૦ થી વધારે વિદ્યાર્થી પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોથી લાભાન્વિત થયા. સંસ્થાઓના આચાર્યો તથા મેનેજમેન્ટ સાથે જોડાયેલ સભ્યો પર એનો વિશેષ પ્રભાવ પડ્યો. સેંટ સોલ્જર ગ્રુપ ઑફ એજ્યુકેશનના મેનેજિંગ ડાયરેક્ટર કર્નલ આર.કે.ખન્નાએ કહ્યું કે મેં પી.એચ.ડી. કરી છે. વ્યક્તિત્વ વિકાસ પર અનેક વ્યાખ્યાનો પણ સાંભળ્યા, પરંતુ પૂજ્ય પં.શ્રીરામ શર્મા આચાર્યજીશ્રીના વિચાર સાંભળીને મારું અત્યાર સુધીનું મેળવેલ જ્ઞાન હલકુ પડી ગયું. હું સ્વયં યુગ સાહિત્યનું સતત અધ્યયન કરી તથા સંસ્થાના તમામ વિદ્યાર્થી તથા શિક્ષણ કર્મચારીઓને પણ અધ્યયન માટે પ્રેરિત કરીશ. શ્રી ખન્નાએ પોતાના તમામ સંસ્થાઓમાં આવા કાર્યક્રમ આયોજિત કરવાનો સંકલ્પ લીધો.



કાલીદાસ સંસ્કૃત પરિષદ્ દ્વારા યોજાયેલ ૨૦મા સારસ્વત સન્માન સમારોહમાં કેન્દ્રીય પ્રતિનિધિઓએ સંસ્કૃત વિષયમાં સર્વોત્તમ માર્ક મેળવેલ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા.

આચાર્યા શ્રીમતી કિરણ અરોડાએ શાંતિકુંજ પ્રતિનિધિ-ઓને સ્મૃતિ ચિહ્ન પ્રદાન કરી સન્માનિત કર્યા. વિભિન્ન વિદ્યાલયોના આચાર્યા શ્રીમતી વીના વિલિયમ્સ, શ્રીમતી જે.કકારિયા, શ્રીમતી લખવિંદર કૌર, શ્રીમતી જ્યોત્સના, શ્રીમતી કાંતા ભારદ્વાજ, ભારત વિકાસ પરિષદના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ઋષિએ વિશેષ સહકાર આપ્યો. કાર્યક્રમ શૃંખલાની પૂર્ણાહુતિ ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે કરવામાં આવી. શ્રી સુદર્શનજી, શ્રી શિવકુમાર વગેરે કાર્યકર્ત્તાઓનો વિશેષ સહયોગ રહ્યો.

## યજ્ઞ તથા યુવા સંમેલનથી મળી નવી દિશા

**ભોપાલ (મધ્યપ્રદેશ)**

તા-૨૩ થી ૨૬ જાન્યુઆરી-૧૦ના દિવસોમાં જન્મશતાબ્દી વર્ષની અંતર્ગત ચલાવવામાં આવી રહેલ કાર્યક્રમની અંતર્ગત બાગ સેનાનિઓમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. ૧૮ કોલોની તથા ૬ ગામોની ૫૦૧ બહેનો દ્વારા કાઢવામાં આવેલ ભવ્ય કળશયાત્રાથી યજ્ઞનો શુભારંભ થયો. યજ્ઞમાં પોલીસ મહાનિદેશક શ્રી ડી.કે. રાઉતજીએ પણ અનિષ્ટ નિવારણ માટે મંગલ-કામના કરતાં આહુતિ આપી. તેમણે ગાયત્રી પરિવારના રચનાત્મક કાર્યક્રમથી પ્રભાવિત ભૂરી-ભૂરી પ્રશંસા કરી.



ભોપાલમાં યુવા સંમેલનને સંબોધન આપી રહેલ ભોજમુક્ત વિવિના કુલપતિજી તથા યજ્ઞમાં ભાગ લઈ રહેલ પરિજનો

તા-૨૪ જાન્યુઆરીના દિવસે યોજાયેલ યુવા સંમેલનને ભોજમુક્ત વિશ્વ વિદ્યાલયના કુલપતિ શ્રી સિંહજી, શ્રી દિલીપ ગુપ્તા વગેરેએ સંબોધન કર્યું. સૌએ યુવા પેઢીને સકારાત્મક વિચારની સાથે પ્રગતિના વિવિધ પાસાઓની જાણકારી આપી. પૂર્ણાહુતિના સમયે ૫૦૦ દીક્ષા સહિત મોટી સંખ્યામાં દુર્વ્યસન છોડવાના સંકલ્પો લેવામાં આવ્યા. કાર્યક્રમનું સંચાલન શ્રી રામકુમાર શુક્લાની ટોળીએ કર્યું હતું. જોન કન્વીનર શ્રી શિવકુમાર-જી, શ્રી મહાકાલેશ્વરજી, શ્રી શંકર પાટીદાર, શ્રીમતી રુક્મણી આર્ય વગેરેએ વિશેષ સહયોગ આપ્યો.

## બહેરામુંગા તથા વિકલાંગ બાળકોને કમ્પ્યૂટર તાલીમ

**રાજનાંદગાવ (છત્તીસગઢ)**

આસ્થાના બે સ્કૂલોમાં ભણવાવાળા શારીરિક તથા માનસિક રૂપથી વિકલાંગ બાળકોને ગાયત્રી શક્તિપીઠમાં નિ:શુલ્ક કમ્પ્યૂટરની તાલીમ આપવાનો ક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. જેમાં ૨૦ બાળકો સામેલ થાય છે. આ બાળકોને સુશ્રી અનુપમા યાદવ તથા સુશ્રી લક્ષ્મી યાદવે સમયદાન કરીને તાલીમ આપી રહી છે.

ત્યાં હિંસાથી પીડિત બાળકોને રહેવા વાત્સલ્ય મંદિરમાં પણ ગાયત્રી પરિવારની બહેન શ્રીમતી પિંકી શર્મા દ્વારા નિ:શુલ્ક કમ્પ્યૂટરની તાલીમ આપવામાં આવી રહી છે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ગાયત્રી શક્તિપીઠમાં પણ ગરીબ તથા વિકલાંગ બાળકોને નિ:શુલ્ક કમ્પ્યૂટરની તાલીમ છેલ્લા કેટલાય મહિનાથી આપવામાં આવે છે.



## હરિદ્વાર કુંભ મેળામાં હોર્ડિંગ અને બેનરો પર છવાયો યુગ ચિંતન

**શાંતિકુંજે આખા કુંભ ક્ષેત્રમાં મોટા-મોટા હોર્ડિંગ અને બેનર લગાવ્યા છે. એની પર શાંતિકુંજની જાણકારીઓ સિવાય સુવિચારોને પ્રમુખતાથી દર્શાવવામાં આવ્યા છે. યુગઋષિના એક-એક વાક્યએ લોકોનું જીવન બદલ્યું છે. કુંભના અમૃતયોગમાં સુવિચારોનું અમૃત વધારેથી વધારે લોકોના જીવનમાં ઉતરે, એ જ શાંતિકુંજનો પ્રયાસ રહ્યો છે.**

**આ કુંભમાં મોટા હોર્ડિંગો સિવાય ૫૦૦ કપડાના બેનર પર સદ્‌વાક્ય અને બે ફૂટ ગુણા ત્રણ ફૂટના ૫૦૦ પેનલ લગાવવામાં આવ્યા છે. નેશન ઈંસ્ટીટ્યૂટ ઑફ હાયડ્રોલૉજીના સહયોગથી જલ સંરક્ષણ અભિયાનને મુખ્ય રૂપથી ચલાવવામાં આવ્યું. એના સંદર્ભમાં ૩૦ મોટા હોર્ડિંગ લાગેલા છે અને ૩ લાખ ૨૦ હજાર સ્ટીકર નિ:શુલ્ક વહેંચવામાં આવી રહ્યા છે.**

**જે સંસારને સદ્‌વ્યવહાર ન આપી શકે, એની ઉપાસના અધૂરી છે.**

# ધર્મ-સંસ્કૃતિના ઉત્કર્ષ માટે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની નવી પહેલ

## યોગ, સંસ્કૃતિ અને અધ્યાત્મ મહોત્સવ

### ગાયત્રી પરિવાર, એક પ્રખર આંદોલન

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય અને ઉત્તરાખંડ રાજ્ય પર્યટન વિકાસ પરિષદના સંયુક્ત તત્ત્વાવધાનમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં ૬ દિવસીય આંતર્રાષ્ટ્રીય યોગ, સંસ્કૃતિ, તથા અધ્યાત્મ મહોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. આર્ષ વિદ્યા ગુરુકુલમ્, કોયમ્બટૂરના સંસ્થાપક અધ્યક્ષ સ્વામી દયાનંદ સરસ્વતી તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ માનનીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ મંગલદીપ પ્રગટાવીને મહોત્સવનું ઉદ્દ્ઘાટન કર્યું. અહીં એ ઉલ્લેખનીય છે કે સ્વામીના નિર્દેશનમાં દેશ-વિદેશમાં અનેક વૈદિક શિક્ષણ કેન્દ્ર ચાલી રહ્યા છે. ધાર્મિક વિવિધતાના સંરક્ષણ માટે તેમણે પ્રથમ વિશ્વ કોંગ્રેસની રચના પણ કરી છે.

સ્વામી દયાનંદ સરસ્વતીએ આ અવસર પર કહ્યું કે ભારતને આજે કેટલાય પ્રકારના સાંસ્કૃતિક આંદોલનોની જરૂરત છે. એમાંથી એક છે ગાયત્રી પરિવાર, જે એક પ્રખર આંદોલન છે. એ આખા વિશ્વમાં ફેલાઈ રહ્યું છે. ગાયત્રી પરિજનોએ શ્રદ્ધા તથા સમર્પણની મિશાલ રજુ કરી છે. આ અવસર પર સભાધ્યક્ષ કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાજીએ આંતર્રાષ્ટ્રીય યોગ, સંસ્કૃતિ તથા અધ્યાત્મ મહોત્સવને હરિદ્વાર માટે એક શુભ શરૂઆત બતાવતા યોગ તથા અધ્યાત્મ ક્ષેત્રની કેટલીય વિખ્યાત વિભૂતિઓના વિશ્વવિદ્યાલયમાં આગમનને ભવિષ્ય માટે સુખદ સંકેત કહ્યો. તેમણે કહ્યું કે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દેશને શ્રેષ્ઠ યોગ શિક્ષણ આપવામાં અગ્રણી ભૂમિકા નિભાવશે. આર્ટ ઑફ લિવિંગ ફાઉન્ડેશન, બેંગ્લોરના પ્રતિનિધિ સ્વામી પરમ તેજ, વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ.એસ.પી.મિશ્રા તથા હરિદ્વાર જિલ્લા પર્યટન વિકાસ અધિકારી શ્રી યોગેન્દ્ર ગંગવાર સહિત કેટલાય ગણમાન્ય આ અવસર પર ઉપસ્થિત હતા.

### સંત-મનીષિઓનો સંગમ

કુંભમેળો-૨૦૧૦ની વચ્ચે યોજવામાં આવેલ આ યોગ મહોત્સવમાં ધર્મતંત્રની અનેક વિખ્યાત હસ્તિઓ પધારી અને આંતર્રાષ્ટ્રીય જિજ્ઞાસુઓને પોતાના પ્રખર ચિંતનથી લાભાન્વિત કર્યા. મહાયોગી પાયલેટ બાબા, સમન્વય સેવા ટ્રસ્ટના પ્રમુખ પૂર્વ શંકરાચાર્ય સ્વામી સત્યમિત્રાનંદ, પરમાર્થ નિકેતન ઋષિકેશના પરમાધ્યક્ષ મુનિ ચિદાનંદ, યોગગુરુ બાબા રામદેવ, જૂના અખાડાના મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરિ, રશિયન સંત મહામંડલેશ્વર સ્વામી વિષ્ણુદેવાનંદ સહિત કેટલ ય સંતોના અનુભવ અને આશીર્વાદનો લાભ શિબિરાર્થીઓએ લીધો.

મહોત્સવમાં અમેરિકા, રશિયા, તંજાનિયા, ઝીમ્બાબ્વે, કેનિયા, ફ્રાંસ, ઈટલી, જર્મની, કોલમ્બિયા, આર્જેન્ટિના, દક્ષિણ કોરિયા, અફગાનિસ્તાન, દક્ષિણ આફ્રિકા, જાપાન, ઘાના, મ્યાઁમાર, નેપાલ, અરમેનિયા વગેરે દેશો અને ભારતના વિભિન્ન રાજ્યોમાંથી પરિજનો ભાગ લેવા ઉપસ્થિત રહ્યા હતા. યોગ મહોત્સવમાં વીસ દેશોના ૪૫૦ લોકોએ ભાગ લીધો હતો.

યોગ, સંસ્કૃતિ તથા અધ્યાત્મનું સાચું સ્વરૂપ દેશ-દુનિયાની સામે રજુ કરવું તે મહોત્સવનો ઉદ્દેશ્ય હતો. શાંતિકુંજ અને વિશ્વ વિદ્યાલય પરિવારે મહોત્સવમાં ૬ દિવસ સુધી બૌદ્ધિક વર્ગો સિવાય ઋષિયુગ્મ પરમ પૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીય માતાજીના જીવન દર્શન અને આંદોલનને સમજાવવાનો બહુમુખી પ્રયાસ કરવામાં આવ્યો, જેનાથી મહોત્સવના આયોજનનું પ્રયોજન સારી પૂરૂ થતું રહ્યું. ભાગ લેનારાઓમાં તેના વિભિન્ન પાસાઓની જાણકારી મેળવવાની ઉત્કંઠા સ્પષ્ટ દેખાતી હતી.

પ્રથમ દિવસના વિશેષ બૌદ્ધિક વર્ગોમાં એસોશિએસન ઑફ હિમાલયન યોગા-મેડિટેશન સોસાયટી ઈંટરનેશનલ ઋષિકેશના પ્રમુખ સ્વામી વેદભારતીએ યોગ સાધકોનું માર્ગદર્શન કર્યું. તેમણે કહ્યું કે ધ્યાન દ્વારા દુર્ભાવના તથા ખરાબ વિચારોથી મુક્તિ મેળવી શકાય છે. ''યોગ શું છે, સંસ્કૃતિ તથા અધ્યાત્મ'' વિષય પર ચર્ચા કરતાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ.એસ.પી. મિશ્રાએ એના સંદર્ભમાં પરમ પૂજ્ય ગુરુદેવનો દૃષ્ટિકોણ એમની સામે રાખ્યો.

બીજા દિવસે મહાયોગી પાયલટ બાબાએ શરીર, બુદ્ધિ, હૃદય વગેરે ઉર્જાના તમામ સ્ત્રોતોને બળવાન બનાવવામાં યોગના મહત્ત્વ પર વિસ્તારથી પ્રકાશ ફેંક્યો. તેમણે મૌનને સૌથી કઠિન કામ અને તાકાતવાળું બતાવ્યું. યોગ વ્યક્તિને મૌન, અર્થાત્ અંતર્મુખી બનાવી દે છે. યોગ ફક્ત શરીર તથા મનનું વિજ્ઞાન નથી, એ આત્માનું વિજ્ઞાન છે.

રશિયન સંત સ્વામી વિષ્ણુદેવાનંદે ડૉ. પ્રણવ પંડ્યાજી સાથે રશિયામાં ઈમોશનલ પૈરામીટર્સ પર એક વિશાળ આધ્યાત્મિક કેન્દ્રના નિર્માણમાં શાંતિકુંજ તથા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો સહયોગ માંગ્યો. તેમણે રશિયામાં ૧૦૮ મંદિરોના નિર્માણના વિષયમાં પણ જાણકારી આપી. તેમણે શાંતિકુંજના યુગ સાહિત્યને તમામ દુનિયાવાસીઓના માટે ખૂબ ઉપયોગી બતાવ્યું.

મહોત્સવમાં આવેલ ભાગ લેનારાઓએ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં યજ્ઞ ચિકિત્સા, એક્યુપ્રેશર, પ્રાકૃતિક ચિકિત્સા તથા આયુર્વેદ તથા પંચકર્મ ચિકિત્સાના ચાલી રહેલ પ્રયોગોને નજીકથી જોયો. તેઓ ભારતની આ વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓથી ઘણા પ્રભાવિત થયા અને પોતાના દેશમાં આ પદ્ધતિઓને લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી. યોગ સાધકોએ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલ યોગ અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી મહત્ત્વપૂર્ણ પ્રેરણાઓ લીધી. એમાં ભારતની વિવિધતામાં એકતાના દર્શન થયા. મહોત્સવમાં આવેલ તમામ અતિથિઓની તાલીઓના ગળગળાટ એ બતાવી રહ્યા હતા કે તે ભારતીય સંસ્કૃતિના સાચા સ્વરૂપને જોઈને ખૂબ જ ભાવવિભોર છે.















### 'અધ્યાત્મ' એક સમગ્ર ચિકિત્સા

ત્રીજા દિવસે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાજીએ એક વરિષ્ઠ ચિકિત્સકના રૂપમાં ગાયત્રી મંત્રના લાભો પર કેટલીય અનુભૂતિઓ સંભળાવી. ગાયત્રી મહામંત્રના વૈજ્ઞાનિક પક્ષ પર પ્રકાશ ફેંકતા તેમણે કહ્યું કે આધ્યાત્મિક ચિકિત્સા એક નવીન ચિકિત્સા પદ્ધતિના રૂપમાં વિકસી છે. મંત્ર તથા ધ્યાન એના મહત્ત્વપૂર્ણ પાસા છે. ગાયત્રી મંત્રથી ૮૦ ટકા દુ:ખ દૂર થઈ જાય છે. ધ્યાન દ્વારા મન પર ચઢેલા મળ-વિક્ષેપોની સફાઈ થાય છે. તેમણે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયમાં યજ્ઞ ચિકિત્સા પર કરવામાં આવી રહેલ કાર્યોની પણ જાણકારી આપી. સદ્વ્યવહાર, શ્રેષ્ઠ ચિન્તન, સંસ્કાર, પ્રારબ્ધ અને પૂર્વજન્મના કર્મોની વ્યાખ્યા કરતાં ડૉ.પ્રણવ પંડ્યાએ કહ્યું કે પૂર્ણ સ્વાસ્થ્ય માટે આ પાંચ સૂત્ર પંચશીલના સિદ્ધાંતની જેમ છે. ડૉ.પંડ્યાએ સૌને સવિતા દેવતાનું સામૂહિક ધ્યાન પણ કરાવ્યું.

સૌએ ગંગા કિનારે આવેલ શાંતિકુંજના બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાની મુલાકાત લીધી. ધર્મ, અધ્યાત્મના વૈજ્ઞાનિક પક્ષોને વિકસાવનારી આચાર્ય શ્રીરામ શર્માની જીવન દૃષ્ટિને સૌએ પ્રશંસા કરી. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પંચકર્મ કેન્દ્ર, યોગ આરોગ્ય પૉલીક્લીનિક, પ્રાકૃતિક ચિકિત્સા, ગ્રામ પ્રબંધન તથા ગૌશાળાનું અધ્યયન પણ કર્યું.

### અમુક ઉલ્લેખનીય ઝલકો

ચોથા દિવસે યોગા એલાયંસ ઈંટરનેશનલ નવી દિલ્હીના સંસ્થાપક અધ્યક્ષ સ્વામી વિદ્યાનંદે રાજયોગ, ભક્તિયોગ, હઠયોગ વગેરેમાં સામંજસ્ય સ્થાપવાની વાત કહી. યોગના છાત્રોને રાષ્ટ્રીય તથા આંતર્રાષ્ટ્રીય સ્તર પર સ્થાપિત કરવાનું કામ યોગ એલાયંસ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. સ્વામી વિદ્યાનંદે આ કાર્યમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય -નો સહયોગ માંગ્યો.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. એસ.પી.મિશ્રાએ બતાવ્યું કે એમના વિશ્વ વિદ્યાલયમાં યોગને આયુર્વેદ, માનવ ચેતના અને ઉત્કૃષ્ટતા સાથે જોડવામાં આવેલ છે. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની યજ્ઞશાળામાં દેશી-વિદેશી યોગ જિજ્ઞાસુઓને યજ્ઞ ચિકિત્સાની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. સાંજ સમયે મહાકાલ મંદિર પ્રાંગણમાં યોજાયેલ દીપયજ્ઞથી વિદેશી મહેમાન ખૂબ જ ભાવવિભોર થયા.

તા-૧૨ માર્ચના દિવસે ઈંડિયન બિજનેશ એકડેમી બેંગ્લોરના ડીન પ્રોફેસર સુભાષ શર્મા અને ન્યુજર્સી-અમેરિકાથી આવેલ ડૉ.રાજીવ મલ્હોત્રાએ પણ યોગ સાધકોને સંબોધિત કર્યા. પ્રિંસટન યૂનિવર્સિટીના પ્રોફેસર ડૉ.રાજીવ મલ્હોત્રાએ આજના સમયમાં આચાર-વિચારમાં આવેલ વિષમતાઓને દૂર કરવાના વિષયમાં પ્રયાસ કરવા કહ્યું. એના પહેલાં સ્વામી રામદેવ તથા ડૉ.પ્રણવ પંડ્યાજીએ ડૉ.સુભાષ શર્મા દ્વારા લખાયેલ પુસ્તક 'શૂન્ય'નું વિમોચન પણ કર્યું.

સમાપન સમારોહમાં પર્યટન મંત્રી શ્રી મદન કૌશિકે ઉત્તરાખંડને પર્યટન પ્રદેશની ઉપમા આપતાં અહીં બની રહેલ વિલેજ ટૂરિઝમની બહુમુખી યોજનાની જાણકારી આપી. તેમણે કહ્યું કે મહેન્દ્ર ગ્રુપ દ્વારા ૩૫ ગામોમાં આ યોજના આરંભિક ચરણમાં બનાવવામાં આવી છે. પ્રદેશમાં આવનારા પર્યટકોને ગ્રામીણ વિસ્તારમાં રહેવા તથા પરંપરાગત ભોજનની સુવિદા આ ગામોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ અવસર પર ઉપસ્થિત રશિયન રાષ્ટ્રપતિની રાજનૈતિક સલાહકાર સાજી ઉમાલાતોવા શાંતિકુંજ દ્વારા શિક્ષણ, સંસ્કૃતિ તથા અધ્યાત્મની સાથે નદીઓની સફાઈ તથા પ્રકૃતિ સંરક્ષણના કાર્યક્રમોથી ઘણી પ્રભાવિત દેખાઈ. તેમણે શાંતિકુંજ દ્વારા સંચાલિત કાર્યક્રમોનું રશિયામાં પ્રસાર કરવા અને આચાર્યજીનું સાહિત્ય રશિયન જનતા સુધી પહોંચાડવાનું આશ્વાસન આપ્યું.

સમાપન સમારોહમાં પરમાર્થ નિકેતન ઋષિકેશના પરમ અધ્યક્ષ સ્વામી ચિદાનંદે ઉત્તરાખંડને યોગની જન્મસ્થળી બતાવતાં જિજ્ઞાસુઓને દરરોજ પોતાની વાણી, ક્રિયા, મૂલ્ય, ઈમાનદારી વગેરેનું મૂલ્યાંકન કરવા સલાહ આપી. સ્વામીજીએ કુલાધિપતિ ડૉ.પ્રણવ પંડ્યાના સમર્પિત જીવન તથા સંસ્કૃતિ ઉત્થાન માટે દેશભરમાં કાર્યકર્તાઓની સેના ઉભી કરવાના પ્રયાસોની પ્રશંસા કરી.

સમાપન સમારોહમાં ભાગ લેનારાઓએ પોતાના અનુભવ બતાવ્યા. આ સત્રમાં કુલપતિ ડૉ.એસ.પી.મિશ્રા તથા એમના તમામ સહયોગી, શાંતિકુંજના કાર્યકર્તા, પ્રદેશના સંયુક્ત નિર્દેશક પર્યટન એ.કે.સિંહ, જિલ્લા પર્યટન વિકાસ અધિકારી યોગેન્દ્ર ગંગવાર, પર્યટન વિભાગની જિલ્લા સાહસિક ખેલ અધિકારી સીમા નૌટિયાલ વગેરે હાજર રહ્યા હતા.

### ભાગ લેનારાઓની દૃષ્ટિમાં

**યોગ મહોત્સવમાં વીસ દેશોના ૪૫૦ ભાગ લોકોએ ભાગ લીધો. સમાપન સમારોહમાં કેટલાય ભાગ લેનારાઓએ પોતાના અનુભવો કહ્યા. કોલંબિયાથી આવેલ ગોપિનીએ કહ્યું કે અમોએ અહીં યોગ, કર્મ અને ભક્તિનો અદ્ભુત સંગમ જોયો. તે વિશ્વવિદ્યાલયમાં ભારતીય વૈકલ્પિક ચિકિતસા પદ્ધતિઓથી ઘણી પ્રભાવિત હતી. મૉસ્કોની ફસ્ટોવા નીના બોલી-ઉત્તરાખંડ ઋષિ ભૂમિ છે, યોગ ભૂમિ છે. તેમણે ભારતીય દર્શન અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય-શાંતિકુંજની એક સાથે મળીને કામ કરવાની શૈલીની પ્રશંસા કરી. આધ્યાત્મિક શક્તિઓને ઉંડાણથી અનુભવ કર્યા પછી તેમણે કહ્યું કે અહીંના કણ-કણમાં આચાર્ય શ્રીરામ શર્માની ઉપસ્થિતિની અનુભૂતિ થાય છે. જમશેદપુરના દીપક કુમારે કહ્યું કે દેશની યુવા શક્તિનું કલ્યાણ યોગથી જ સંભવ છે. ૬ દિવસમાં ૬ મહિનાની ટ્રેનિંગ અહીં મળી છે. તેમણે મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને પ્રચલિત ટી.વી. કાર્યક્રમો કરતાં ખૂબ જ શ્રેષ્ઠ બતાવ્યા.**

**જે વ્યવહાર પરમાર્થના કામમાં આવે, એ જ સાચો તથા યોગ્ય વ્યવહાર છે-શ્રી બ્રહ્મચૈતન્ય**

# સંત-મનીષિઓએ શાંતિકુંજની પહેલનું ભવ્ય સ્વાગત કર્યું

## યોગ, સંસ્કૃતિ, અધ્યાત્મ મહોત્સવમાં ઉપસ્થિત મનીષિઓના વિચાર

### સ્વામી દયાનંદ સરસ્વતી
(આર્ષ વિદ્યા ગુરુકુલમ, કોયમ્બટૂરના સંસ્થાપક અધ્યક્ષ)



દુનિયામાં વધી રહેલ ઉગ્રવાદ તથા આતંકવાદની વચ્ચે સમાજને 'અધ્યાત્મ'ની ખૂબ જ જરૂરત છે. સાચું અધ્યાત્મ વ્યક્તિને સરળ તથા સહજ બનાવે છે. અંદરથી નિર્મળ તથા બળવાન આધ્યાત્મિક વ્યક્તિ પોતાની શક્તિઓનો ઉપયોગ બીજાને ઉંચા ઉઠાવવા અને એનું રક્ષણ કરવામાં લગાવે છે. સાચો ધાર્મિક વ્યક્તિ ક્યારેય ઉગ્રવાદી હોતો નથી.

શાંતિ અમારા અંતઃકરણમાં છે, તેને પ્રગટ કરવા માટે ભારતીય યોગ પદ્ધતિ જ એકમાત્ર ઉપાય છે. યોગનો પૂરો લાભ ઉઠાવવા માટે આહાર તથા વિહાર પર પૂરૂ ધ્યાન આપવું જરૂરી છે. માના ખોળામાં બાળક પોતાને પૂર્ણ સુરક્ષિત અનુભવ કરે છે. આપણને શાંતિ અને સુરક્ષા જોઈએ તો મા (પ્રકૃતિ)ની શરણમાં જવું પડશે.

ભારતીય સંસ્કૃતિમાં વધારે ઉંમરને સન્માનનો પર્યાય માનવામાં આવે છે. આથી વધતી ઉંમરમાં પ્રદર્શન પ્રધાન મેકઅપથી બચવું જોઈએ. રંગ અને આયુને લઈને લોકોમાં, ખાસ કરીને મહિલામાં વધતી હીન ભાવના ચિંતા જનક છે.

### બાબા રામદેવ
(પતંજલિ વિશ્વવિદ્યાલય, હરિદ્વારના પ્રમુખ)



પરમ પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીનો 'એકવીસમી સદી-ઉજ્જવળ ભવિષ્ય'નો ઉદ્‌ઘોષ સાકાર થઈ રહ્યો છે. આ વેગથી થઈ રહેલ પરિવર્તનોનો સમય છે. ટુંક સમયમાં જ દેવ સંસ્કૃતિનો યુગ આવવાનો છે. આ યુગમાં વર્તમાનની વિકૃતિઓનું સમાપન થશે અને એક શ્રેષ્ઠ તથા શાંતિપૂર્વક રહેવા લાયક દુનિયાનું નિર્માણ થશે. ભારત દુનિયાની સવોચ્ચ શક્તિના રૂપમાં ઉપર આવશે અને આ પરિવર્તન પ્રક્રિયામાં અધ્યાત્મ, યોગ તથા સંસ્કૃતિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હશે.

યોગનું લક્ષ્ય વ્યક્તિની ચેતનાને નીચેથી ઉપરની તરફ આગળ વધારવાની છે. આત્માનું મહત્ત્વ પોતાની જગ્યા છે, પરંતુ આત્માની શક્તિઓની અભિવ્યક્તિ માટે શરીરને સમગ્રતાની સાથે સ્વસ્થ રાખવું જરૂરી છે. શાંતિકુંજ યોગ, યજ્ઞ તથા વેદોની શોધ તથા પ્રયોગધર્મિતાનું મુખ્ય કેન્દ્ર છે. પતંજલિ પરિવાર પણ આ સૂત્રો પર કામ કરી રહ્યું છે.

### આચાર્ય બાલકૃષ્ણ
(કુલપતિ, પતંજલિ વિશ્વવિદ્યાલય)



આયુર્વેદ માત્ર ઔષધિઓ સુધી સીમિત નથી, બલ્કે ચેતના અને ઉર્જાની નિરંતર અભિવૃદ્ધિ કરવાનું નામ આયુર્વેદ છે. આયુર્વેદ તથા યોગ એક જ વિદ્યાના બે અંગ છે. એ કોઈ ધર્મ વિશેષ સાથે જોડાયેલ નથી, બલ્કે એ માનવ માત્રના કલ્યાણ માટે છે.

### મહાયોગી પાયલેટ બાબા



શાંતિકુંજના સંસ્થાપક પરમ તેજસ્વી શ્રીરામ શર્મા આચાર્યજીની સાથે હિમાલયની મારી કેટલીય અનુભૂતિઓ છે. હું તેમને આ યુગના મહાન ઋષિ અને સાધક માનું છું. પોતાની સાધનામાં હું દરરોજ આચાર્યશ્રીને યાદ કરુ છું. તેમણે કહ્યું હતું કે ૨૧ મી સદી આવતા-આવતા દુનિયાના ખૂણે-ખૂણામાં જન્મેલ મનીષી વૈચારિક સ્તર પર એક મંચ પર આવીને ઉભા રહેશે. આજે એમનું કથન સાકાર થતું જોઈ રહ્યા છીએ. ડૉ. પ્રણવ પંડ્યાના નેતૃત્વમાં શાંતિકુંજ આંતર્રાષ્ટ્રીય સ્તર પર એમના વિચારો પહોંચાડી રહ્યું છે, એ ખુશી અને સંતોષનો વિષય છે.

### માનનીય ડૉ. પ્રણવ પંડ્યાજી
(કુલાધિપતિ-દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય)



'યોગ' માનવીય ક્ષમતાઓને પ્રગટ કરવાનું એક વિજ્ઞાન છે. યોગ એક સાધના છે સીમિત ક્ષમતાઓના અસીમ વિસ્તારની, અણુને વિભુથી અને આત્માને પરમાત્માની સાથે સંયોગ સ્થાપિત કરવાની. આ એક સમગ્ર સાધના છે, જેમાં કાયા, ભાવના, વિચારણા તમામને સાધવા પડે છે. યોગના અષ્ટાંગોની સાધનાથી જ તે પૂર્ણતા મળે છે, જેની કલ્પના અને અપેક્ષા જનસામાન્ય કરે છે.

'સંસ્કૃતિ' શ્રેષ્ઠ કૃતિઓનો તે સમુચ્ચય છે, જેને ઈતિહાસમાં માનવતાનું પથ પ્રદર્શન કરી તેને ઉત્કર્ષની દિશામાં અગ્રેસર કર્યો છે. એ નિતાંત સત્ય છે. સંસ્કૃતિનું અવલંબન ઉત્કૃષ્ટતા તરફ લઈ જાય છે. દેશ, કાલ, પરિસ્થિતિ અનુસાર એના અવલમ્બનમાં વિવેકનો પ્રયોગ તો કરવામાં આવે, પરંતુ અવહેલના ક્યારેય નહીં.

'અધ્યાત્મ' એક ઉચ્ચ સ્તરીય વિજ્ઞાન છે, જેમાં જીવન લક્ષ્યની પ્રાપ્તિથી લઈને સમસ્ત બ્રહ્માંડીય સુવ્યવસ્થાના સૂત્ર સમાયેલ છે. એને લોકો વિશિષ્ટ વર્ગ માટે સીમિત માનતા હતા, પરમ પૂજ્ય ગુરુદેવે એને વ્યવહારિક રૂપ આપીને સર્વસુલભ કરી દીધો છે.

### મુનિ ચિદાનંદજી
(પરમાધ્યક્ષ પરમાર્થ નિકેતન, ઋષિકેશ)



ભારતીય સંસ્કૃતિ સૌને પોતાની માને છે અને આત્મસાત કરે છે. આપ ભારતને પોતાનું ઘર માનો. માઁ ગંગાની જેમ પ્રવાહમાન અને શુચિતાથી પરિપૂર્ણ બનવા માટે આ યોગ, સંસ્કૃતિ તથા અધ્યાત્મની ત્રિવેણીનો પૂરો લાભ ઉઠાવો. આ સુખદ સંકેત છે કે હૉલીવુડ (ભોગવાદી પશ્ચિમી સંસ્કૃતિ)થી થાકી હારીને લોકો હોલીવુડ (ત્યાગવાદી દિવ્ય ભારતીય સંસ્કૃતિ)ની તરફ આવી રહ્યા છે.

### સાધ્વી ભગવતી-પરમાર્થ નિકેતનની સાધ્વી
(અમેરિકાના કેલીફોર્નિયાની મૂલ નિવાસી)



અમોએ ભારતમાં આવ્યા પછી જીવનનો મર્મ સમજ્યો છે. ભાગીરથી માઁ ગંગા અને અહીંનું વાસ્તવિક અધ્યાત્મ આ દેશવાસીઓની મોટી સંપદા છે. ભારતવાસી પોતાની મૂળ થાપણનું મહત્ત્વ સમજે. આચાર્ય શ્રીરામ શર્માજી દ્વારા આપવામાં આવેલ 'વાવો અને લણો'નો સિદ્ધાંત જીવનની સફળતાનો એક મહાન મંત્ર છે.

### સ્વામી મંગલતીર્થમ્
(નૂતન સંજીવની સંસ્થા, ઝારખંડના પ્રમુખ)



અમારા મસ્તિષ્કનો રંગ બદલાય છે તથા મસ્તિષ્કના નકારાત્મક વિચાર જ ૮૦ ટકા બીમારીઓનું કારણ બને છે. તમામ વ્યાધિઓથી છુટકારો મેળવવા માટે તેમણે યોગ નિદ્રા તથા ધ્યાનનો સહારો લેવાનું કહ્યું. ધ્યાનમાં મસ્તિષ્કનો રંગ આસમાની થઈ જાય છે, જે શાંતિનું પ્રતીક છે. માત્ર ૨૦ મિનીટનું ધ્યાન આપણા મસ્તિષ્કમાં અલ્ફા કિરણોની માત્રા વધારી દે છે. એનાથી મનુષ્યની માનસિકતા વધી જાય છે.

### સ્વામી સત્યમિત્રાનંદ ગિરી
(ભારત માતા મંદિરના સંસ્થાપક તથા ભૂતપૂર્વ શંકરાચાર્ય)



યોગ અંતર્જ્યોતિને પ્રગટાવી દે છે, જેનાથી જીવનના કણ-કણમાં વ્યાપ્ત પરમાત્માની અનુભૂતિ વ્યક્તિને થવા લાગે છે. અગર અંતર્મનની જ્યોતિ પ્રગટશે તો સ્વતઃ જ આત્મીયતા અને પ્રેમનો વિસ્તાર થશે. પં. શ્રીરામ શર્મા આચાર્યજીનું વાક્ય 'હમ સુધરેંગે-યુગ સુધરેગા' તો ગીતાનો સાર છે.

સમત્વં યોગ ભારતની એક એવી બહુમૂલ્ય સંપત્તિ છે, જેની પર ભારતનો દરેક વ્યક્તિ ગર્વ કરી શકે છે. સમત્વં યોગની સંસ્કૃતિ દેશની સૌથી મોટી સંસ્કૃતિ છે. અયોધ્યાના યુવરાજ રામને રાત્રિમાં રાજ્યાભિષેકની સૂચના મળવી અને આગામી દિવસે સવારે વનમાં જવાના આદેશની સૂચના મળવા પર એમનો એક જેવો ભાવ સમત્વં યોગની ઉચ્ચતા દર્શાવે છે. યોગ 'દેહ'માં રહેવા છતાં 'દેહી' અર્થાત્ 'આત્મા'ના દર્શન કરાવવામાં સક્ષમ છે. યોગાભ્યાસથી વ્યક્તિ જ્યાં જાગરૂક તથા પ્રાણવાન બને છે, ત્યાં એમનામાં કરૂણા, દયા, આત્મીયતા જેવા ગુણોનો પણ વિકાસ થાય છે.

### મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી
(પ્રભુ પ્રેમી સંઘ તથા જુના અખાડાના પ્રમુખ)



ગાયત્રી પરિવાર નવી શોધ અને પ્રયોગોનો પરિવાર છે. અનેક ધારાઓમાં ઉપલબ્ધ આચાર્યજીના સાહિત્યએ જગતમાં એક નવી ક્રાંતિને જન્મ દીધો છે. વ્યક્તિત્વનો સાચો વિકાસ આધ્યાત્મિક ગલિયારામાં થાય છે અને એના માટે વ્યક્તિનું નૈતિક હોવું જરૂરી છે. આ ઉપભોક્તાવાદી સમયમાં યોગના સાચા સ્વરૂપને સ્થાપિત કરવામાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયે અગ્રણી ભૂમિકા નિભાવી છે.

### રશિયન સંત મહામંડલેશ્વર સ્વામી વિષ્ણુદેવાનંદ



ભૌતિક વિજ્ઞાની પશ્ચિમમાં અધ્યાત્મના વધતા મહત્ત્વને જોઈને ભારતની આધ્યાત્મિક શક્તિઓના મહત્ત્વની ખબર પડે છે. 'મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણ'ના પૂજ્ય આચાર્યશ્રીનો સંકલ્પ હતો. આજે એ કામ આખી દુનિયામાં ઝડપથી થઈ રહ્યું છે.

### માનનીય મદન કૌશિક
(પર્યટન, શહેરી વિકાસ તથા શેરડી વિકાસ મંત્રી, ઉત્તરાખંડ)



ઉત્તરાખંડ ભારતવર્ષનું કપાળ છે. મસ્તિષ્કની ભૂમિકા નિભાવતા આપણે ઉન્નત ઉત્તરાખંડ અને સમૃદ્ધિશાળી ભારતના નવનિર્માણમાં દેવભૂમિની આધ્યાત્મિક શક્તિઓનું સાન્નિધ્ય તથા માર્ગદર્શનમાં લાગેલ છે. દેશના અન્ય રાજ્યોની પોતાની અલગ-અલગ વિશેષતાઓ છે પરંતુ ઉત્તરાખંડમાં આખા ભારતની ઝલક મળે છે. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય તો અનેકતામાં એકતાનું સાક્ષાત પ્રતીક છે. અહીં યુવા પેઢીને શિક્ષણની સાથે વિશુદ્ધ આધ્યાત્મિક વાતાવરણમાં કોઈ પણ ભેદભાવ વગર અનુપમ સંસ્કાર મળી રહ્યા છે. અહીં માનવમાત્રને આપવામાં આવી રહેલ સેવાઓ અનુકરણીય છે.

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયે એક સફળ યોગ મહોત્સવની શરૂઆત કરી છે. હવે દેશના અન્ય મુખ્ય શહેરોમાં યોગ, સંસ્કૃતિ તથા અધ્યાત્મ મહોત્સવ યોજવાની યોજના પર વિચાર કરવામાં આવશે.

**જ્યાં સત્ય છે અને જ્યાં ધર્મ છે, કેવળ ત્યાં વિજય છે.**

## મહાકુંભ-૨૦૧૦



**મહાકુંભ-૨૦૧૦ના શાહી સ્નાનના દિવસોમાં દેશભરની આસ્થા હરિદ્વારમાં એકઠી થઈ રહી છે. લાખો લોકો ભારત વર્ષની સનાતન પરંપરાની અનુરૂપ આ દિવસોમાં બનેલ અમૃતયોગમાં પતિત પાવની માઁ ભાગીરથીમાં સ્નાન કરી અને ઋષિ-મનીષિ-ઓનું સાન્નિધ્ય મેળવી પોતાના જીવન ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ છે. લાખો-કરોડો લોકોની ભીડમાં આ ન તો એક અજાણ શ્રદ્ધાળુઓ માટે સરળ છે અને ન તો સરકાર દ્વારા એમનું માર્ગદર્શન કરી શકવું સંભવ છે.**

**શાંતિકુંજે આ પાવન અવસર પર દરેક પ્રકારથી શ્રદ્ધાળુઓની સેવા કરવાનું મન બનાવ્યું છે. અમે અહીંથી શ્રદ્ધાળુઓને અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ બતાવી એમની યાત્રાને સફળ તથા આસ્થાને સબળ બનાવવાનો પ્રયાસ તો કરી જ રહ્યા છીએ, સરકારની માંગ પર યાત્રિઓની દરેક પ્રકારથી સેવા અને સુવિધામાં પણ સહયોગ આપી રહ્યા છે. આ દિશામાં ચાલી રહેલ સફળ પ્રયાસોની સંક્ષિપ્ત જાણકારી અહીં રજુ કરવામાં આવે છે.**

## બ્રહ્મકુંડથી ટીવી ચેનલો પર પ્રસારણ

સોમવતી અમાસના દિવસે એનડી ટીવી તથા ઈંડિયા ટીવીએ શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી તથા શ્રી ગણેશ પંવારને પ્રશ્નોત્તરી કરી તેના જવાબો પ્રસારિત કરવામાં આવ્યા. **ઈંડિયા ટીવીના સંવાદદાતાનો પ્રશ્ન-**સોમવતી અમાસનું મહત્ત્વ અને એનો આમ લોકોને લાભ કેવી રીતે મળે?**એના જવાબ આપતાં શ્રી ઉપાધ્યાયજીએ બતાવ્યું-**



કુંભના સમયે અમૃત યોગ બને છે. સોમવતી અમાસનું મહત્ત્વ પણ એ દિવસે અમૃત યોગના કારણે જ છે. કુંભના સમયે આવેલ સોમવતી અમાસનું આવવું બમણો યોગ બને છે, જેનો વિશેષ લાભ શ્રદ્ધાળુઓને મળે છે. પર્વનો લાભ ભાવના પ્રધાન છે. ગાયત્રી ઉપાસનાની સાથે કુંભ સ્નાન કરવાનો વિશેષ લાભ છે. જે અહીં નથી આવી શકતા, તેઓ જ્યાં છે ત્યાંના પવિત્ર જળાશયોમાં અહીં આવવાની ભાવનાની સાથે સ્નાન કરીને પર્વનો લાભ લઈ શકે છે.

**એનડી ટીવીના સંવાદદાતા શ્રી સાદિક ખાને પૂછ્યું કે શું કુંભમાં સ્નાન કરવાથી પાપ નષ્ટ થઈ જાય છે?**

**શ્રી ઉપાધ્યાયજીએ કહ્યું-** પાપ નષ્ટ કરવાના સંકલ્પથી કેટલા લોકો આવે છે? જો આ સંકલ્પની સાથે આવે, આદર્શોને અપનાવી ઉત્કૃષ્ટતા તરફ આગળ વધવાનો પ્રયાસ કરે તો તીર્થ એનો પૂરો સહયોગ કરે છે. લોકો તો પાપના દંડથી મુક્ત થવા માટે આવે છે. આ શરત સાથે હોય છે. જો હવે પછી એ ભૂલને ફરી પુનવર્તન ન થવા દેવાનો સંકલ્પ મનમાં હોય તો એ દિશામાં પણ તીર્થનો સહયોગ મળી શકે છે. પાપવૃત્તિઓમાં લિપ્ત રહેવું અને દંડથી બચવાનો પ્રયાસ કરવો એ પ્રકૃતિની અનુરૂપ નથી.

**શ્રી સાદિક ખાનજી જાણવા માંગતા હતા કે કુંભમાં સ્નાનનો લાભ તેમને પણ મળી શકે છે? શાંતિકુંજ પ્રતિનિધિએ કહ્યું કે** સૂર્ય, હવા, પાણી વગેરે સૌના માટે છે. જો ક્રિયાની સાથે ભાવનાઓનો ઉચિત સંજોગ હોય, તો એનો લાભ પ્રાણિમાત્રને મળશે જ.

શિવરાત્રિ પર્વ પર શાહી સ્નાન વખતે શ્રી રાજકુમાર વૈષ્ણવની સાથે થયેલ વાતચીત ટીવી ચેનલો દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી.

# સેવા અને સહયોગ માટે તત્પર શાંતિકુંજ છે

**મહાકુંભ-૨૦૧૦માં હર કી પૈડીની પાસે લાલજીવાલાના કુંભમેળા પરિસરમાં શાંતિકુંજ દ્વારા વિશાળ પ્રદર્શન લગાવવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન તા-૧૭ માર્ચ-૧૦ના દિવસે શાંતિકુંજ વ્યવસ્થાપક આદ. શ્રી ગૌરીશંકર શર્માજી, આદ. શ્રી વીરેશ્વર ઉપાદયાયજી, ડૉ. વૃજમોહન ગૌડ, ડૉ. ઓ. પી. શર્મા તથા શ્રી કાલીચરણ શર્માજીએ કર્યું. પરમ પૂજ્ય ગુરુદેવનું જીવન દર્શન અને શાંતિકુંજના યુગ નિર્માણ આંદોલનને પ્રસ્તુત કરતું આ પ્રદર્શનની સાથે નિત્ય જ્ઞાનયજ્ઞની અંતર્ગત પ્રજ્ઞાપુરાણ કથા અને ગાયત્રી યજ્ઞની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પૂજ્યવરના સમગ્ર સાહિત્યનું પ્રદર્શન લગાવવામાં આવ્યું છે અને આયુર્વેદિક, એલોપૈથિક અને વૈકલ્પિક ચિકિત્સા સેવાઓ પણ પ્રદાન કરવામાં આવી રહી છે. વિસ્તારથી સમાચાર આગામી અંકમાં વાંચશો.**





## રેલ યાત્રી-મિત્ર સેવાઓ

સોમવતી અમાસના દિવસે હરિદ્વાર રેલવે સ્ટેશન પર ઉમટેલ જનમેદનીનું માર્ગદર્શન કરવા માટે રેલવે વિભાગે કેવળ શાંતિકુંજના સ્વયંસેવકોની સહાયતા લીધી હતી. મેલાધિકારી, રેલ શ્રી મનોજ શર્મા અને શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી ગૈંદાલાલ ચૌરસિયાના નેતૃત્વમાં અહીંના ૬૫ સ્થાનીય સ્વયંસેવકોએ ખૂબ જ પ્રસન્નતા સાથે આ જવાબદારી નિભાવી. આ સેવાઓ પ્રત્યેક શાહી સ્નાનના દિવસોમાં ચાલુ રહેશે.

શાહી સ્નાનના દિવસે રોડ પર વાહનોનું આવાગમન પૂરુ બંધ કરી દેવામાં આવ્યું હતું. શાંતિકુંજના કાર્યકર્તા અહીં નિયમિત રૂપથી ચાલનારા દળોના નાયકોના નેતૃત્વમાં પોતાનું ભોજન પેકેટ સાથે લઈને ચાલતા સ્ટેશન પહોંચી ગયા હતા અને ત્યાં આવતા-જતા યાત્રાઓનું માર્ગદર્શન કર્યું. રેલવે સ્ટેશનથી શાંતિકુંજના સ્વયંસેવક યાત્રી મિત્રોની સહાયતા લેવાની ઉદ્‌ઘોષણા વારંવાર થવાથી યાત્રીઓએ આ સેવાઓનો ભરપૂર લાભ ઉઠાવ્યો. આ યાત્રી-મિત્ર આખા સ્ટેશન પરિસરમાં કેટલીય ટોળીઓમાં ફેલાયેલ હતા. આખા દિવસનો થાક હોવા છતાં ચાલતા જ શાંતિકુંજ પાછા આવ્યા પછી સેવાનું સુખ એમના મોઢા પર સ્પષ્ટ દેખાતું હતું.

અહીંના યાત્રી-મિત્રોએ હરિદ્વારના આવાજાહીના માર્ગો, ઉપલબ્ધ રેલગાડીઓ, બસો, કુંભનો લાભ ઉઠાવવાની રીતોની તમામ જાણકારીઓ આપતાં તેમને ભટકાવથી તથા અવાંછિત લોકોના ચુંગાલમાં ફસાવવાથી બચાવ્યા.

## સ્ટીકરોએ આપ્યા સુવિચાર

કુંભ યાત્રીઓને થોડા સમયમાં યુગઋષિના સુવિચારોનો સ્થાઈ લાભ અપાવવા માટે શાંતિકુંજે સ્ટીકર વિતરણનું વિશેષ અભિયાન ચલાવ્યું હતું. સેવાની આ જવાબદારી નજીકના પશ્ચિમી ઉત્તર પ્રદેશના કાર્યકર્તાઓને સોંપવામાં આવી હતી. જેમાં ૧૫ જિલ્લાઓના ૪૫૦ કાર્યકર્તાઓએ એના માટે સેવાઓ પ્રદાન કરી અને અભિયાનની પૂર્ણાહુતિ પર દરેક સ્નાનના સમયે આવવા અને સેવાઓ પ્રદાન કરવાનો સંકલ્પ લેતાં આ કાર્યને પોતાનું સૌભાગ્ય માન્યું.

સમગ્ર અભિયાન સુનિયોજિત હતું. તા-૧૪ અને ૧૫ માર્ચના દિવસે આખા કુંભ વિસ્તારમાં કાર્યકર્તાઓએ આ સ્ટીકર અભિયાન ચલાવ્યું. એના પહેલાં એના માર્ગદર્શન માટે એક દિવસીય કાર્યશાળા રાખવામાં આવી હતી, જેને

**કુંભ મેળામાં ચલાવવામાં આવેલ સ્ટીકર અભિયાનની સફળતા પછી આ યોજનાને દેશભરના ૧૦૮ ધાર્મિક સ્થળો પર પણ લાગૂ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો. શાંતિકુંજમાં ''વિચાર વિસ્તાર સેલ''ની રચનાની સાથે જ એની પ્રક્રિયા આરંભ થઈ ચુકી છે. એ દિશામાં શ્રી રઘુનંદન લાહોટી તથા શ્રીમતી કવિતા લાહોટીનો પ્રયાસ ઉલ્લેખનીય છે.**

આદરણીય શ્રી ગૌરીશંકરજી, આદરીણય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી, શ્રી કૈલાસ મહાજનજી, શ્રી સોમનાથ પાત્ર, શ્રી પ્રકાશ મોદી સહિત અનેક લોકોએ સંબોધિત કર્યા.

૬૫ હજાર રૂપિયાના સ્ટીકર બે દિવસોમાં વેચાયા. મોટી ઉંમરના ઉર્જાવાન કાર્યકર્તા ચાલીને વૈરાગી દ્વીપ સુધી પહોંચ્યા અને આશ્ચર્યની વાત એ હતી કે સાંજના પાછા ફર્યા ત્યારે તેમના ચહેરા પર થાકની જગ્યાએ મુસ્કાન હતી, એક નવી ઉર્જા ઝલકતી હતી. લોકોએ યુગઋષિના સુવિચારોને જે શ્રદ્ધા અને પ્રેમની સાથે સ્વાગત કર્યુ, તેને જોઈને આ સેવામાં ભાગ લેવાનો તેઓ પોતાનું પરમ સૌભાગ્ય માની રહ્યા હતા.

શ્રી ગણેશ પંવાર, શ્રી સોમનાથ પાત્રા અને કેટલાય કાર્યકર્તા મહાયોગી પાયલેટ બાબા સહિત વિભિન્ન સંતોના આશ્રમોમાં ગયા, એમને મળીને સ્ટીકર અભિયાનની જાણકારી આપી. સૌએ યુગઋષિ પ્રત્યે અગાધ શ્રદ્ધા વ્યક્ત કરી અને સ્ટીકરોને પ્રસાદના રૂપમાં ગ્રહણ કર્યો.

## આરોગ્ય સેવાઓ

શાંતિકુંજ તરફથી કુંભમેળામાં પધારેલ શ્રદ્ધાળુઓને આરોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. મેળા પ્રદર્શન વિસ્તારમાં આયુર્વેદ તથા વૈકલ્પિક ચિકિત્સાઓનો પ્રચાર-વિસ્તારને એક અભિયાનનું રૂપ આપવામાં આવ્યું છે. એના માટે ત્યાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના યોગ આરોગ્ય પૉલીક્લીનિક તરફથી નિષ્ણાત ચિકિત્સક મેળા સ્થળ પર દરેક સમયે ઉપલબ્ધ છે. બીજી બાજુ અમદાવાદથી પધારેલ ડૉ. ભીખુભાઈ પટેલની ટીમ શાંતિકુંજના સ્વાસ્થ્ય સેવકોની સાથે એલોપેથીની પ્રાથમિક ચિકિત્સા પ્રદાન કરી રહી છે. આ ટોળી કુંભ મેળા પ્રદર્શન વિસ્તારમાં તા-૨૦ એપ્રિલ-૧૦ સુધી સેવાઓ પ્રદાન કરતી રહેશે. 'રેડ સ્વસ્તિક'ના સંસ્થાપક મુંબઈના શ્રી ટી.એસ.ભાલે ૧૦ એમ્બુલન્સોની સાથે પોતાની ચિકિત્સા વાહિની મોકલાવી છે. આ ટોળી શાંતિકુંજને બેસકેમ્પ બનાવી આખા મેળા વિસ્તારમાં યાત્રિઓને પ્રાથમિક ચિકિત્સા પ્રદાન કરી રહી છે.

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011